Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# જૈનધર્મ પ્રકાશ.

लक्ष्मीर्दानविवेकसंगममयी श्रद्धामयं मानसं ।
धर्मः शीलदयामयः सुचरितश्रेणीमयं जीवितं ॥
बुद्धिः शास्त्रमयी सुधारसमयं वाग्वैभवोज्जृंभितं ।
व्यापारश्च परार्थनिर्मितिमयः पुण्यैः परं प्राप्यते ॥

પુસ્તક ૩૫ મું ] આશ્વિન-સંવત ૧૯૭૫. વીર સંવત ૨૪૪૫. [ અંક ૭ મો.

પ્રગટકર્ત્તા,
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.


૧ શ્રી ઉપદેશ સપ્તતિકા. (પદ્ય) ... ૨૦૪
૨ મુનિ ગુણ સઝાય. ... ... ૨૦૫
૩ ઉઘાડ્યા છે અમે દ્વારો ... ... ૨૦૫
૪ સૂક્તમુક્તાવળી ... ... ૨૦૬
૫ આપણે દયાળુ છીએ તેની સાબીતી શી? ૨૧૦
૬ સર્વ દાનમાં અભયદાન શ્રેષ્ઠ છે. ... ૨૧૧
૭ આપણા સામાજિક સવાલો ... ૨૧૨
૮ સ્ત્રીઓને લાજ કાઢવાનું કારણ ... ૨૧૯
૯ તીર્થંકરની અનેક પ્રકારની ભક્તિ સમકિત નિર્મળ કરે છે... ... ૨૨૦
૧૦ ગણુ અગત્યના સવાલો... ... ૨૨૩
૧૧ દેવદ્રવ્યને લગતી ચર્ચાનું કેન્દ્ર ... ૨૨૫
૧૨ સ્ફુટ નોંધ અને ચર્ચા ... ... ૨૨૬
૧૩ પુસ્તકોની પહોંચ ... ... ૨૩૨


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ રૂ. ૦-૪-૦.
ભેટના પોસ્ટેજ સહિત.

REGISTERED No. B. 156

To,

ભાવનગર-શ્રી આનંદ પ્રી. પ્રેસમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આમારૂં પુસ્તક પ્રસિદ્ધિ ખાતું.

### ( ૧ ) હાલમાં છપાય છે.

૧ કર્પૂરપ્રકર—મોટી ટીકાયુક્ત, સંસ્કૃત માગધી કથાઓવાળું. ( ટાઇટલ છપાય છે. )
( મદદગાર શા. હીરાચંદ ભાગીચંદ ઘડસરવાળા )
૨ શ્રીઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩ જો. સ્થંભ ૧૩ થી ૧૮.
( ભાવનગર શ્રાવિકાસમુદાયના પ્રથમના નિષ્પન્નમાંથી )
૩ શ્રીઉપમિતિભવપ્રપંચા કથા ભાષાંતર. ( સભા તરફથી )
૪ શ્રીમલ્લીનાથ ચરિત્ર ભાષાંતર ( નગીનદાસ કરમચંદ. પાટણ.)
૫ શ્રીઉપદેશસપ્તતિકા ભાષાંતર ( કથા સિવાય )
( બાઇ જીવીબાઇ તથા સાંકળીબાઇ—અમદાવાદ )
૬ શ્રીબૃહત્ક્ષેત્ર સમાસ. મોટી ટીકા સહિત.

### (૨) તરતમાં છપાવા શરૂ થશે.

૭ નમસ્કાર ( નવકાર ) મહાત્મ્ય. ( શેઠ ઓંકારભાઇ ચતુર્ભુજ—બોળેરા )
૮ તત્ત્વામૃત ગ્રંથનું ભાષાંતર. ( જૈનધર્મ પ્રકાશના ગ્રાહકોને ભેટ સારૂ )
૯ તત્ત્વામૃત ગ્રંથ. મૂળ. ટીકા સહિત. ( શા. કુંવરજી આણંદજી )
૧૦ [illegible]કુલક કથા, અર્થ, વિવેચનયુક્ત. (બાઇ સમરત તથા જડીબાઇ—ભાવનગર)

### (૩) તૈયાર થયેલા છે ને થાય છે.

૧૧ શ્રી પરિશિષ્ટ પર્વ ભાષાંતર, ( તૈયાર છે. )
૧૨ શ્રીઉપદેશપ્રાસાદ. મૂળ. વિભાગ ૪થો. ( સ્થંભ ૧૯ થી ૨૪ ) તૈયાર છે.
૧૩ શ્રીહેમચંદ્રાચાર્ય ચરિત્ર. ( તૈયાર થનાર છે. )
૧૪ શ્રી [illegible] ચરિત્ર ભાષાંતર. ( થાય છે. )

( ઉપરના ચાર ને નંબર ૬ના ગ્રંથ માટે સહાયકની અપેક્ષા છે. ઇચ્છા હોય તેણે લખવું.)

સંબોધસત્તરીના ભાષાંતરનું કામ બીજે થતું હોવાથી અમે બંધ રાખ્યું છે.

---

### જાહેર ખબર.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીએ તા. ૨–૯–૧૯ ના રોજ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી રા. રા. શેઠ લાલભાઇ કલ્યાણભાઇ ઝવેરીનું રાજીનામું દીલગીરી સાથે મંજુર કરી તેમની જગ્યાએ આવતી કોન્ફરન્સની બેઠક સુધી રા. રા. શેઠ મોતીલાલ મુળજીભાઇની નીમણુંક કરી છે.

---

### આગામી શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સ સાદરી જીલ્લે જોધપુરમાં.

શ્રી જૈન શ્વે૦ કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીના સ્થાનિક મેમ્બરોની બારમી મીટીંગ તા. ૧૭–૯–૧૯ ને રોજ શેઠ મોતીલાલ મુળજીભાઇના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. જે વખતે એવો ઠરાવ થયો હતો કે 'મારવાડ કેળવણીની બાબતમાં પછાત હોઇ વિશાળ પ્રચાર અર્થે કોન્ફરન્સનું બારમું અધિવેશન સાદરી ( જીલ્લે જોધપુર) મારવાડમાં ભરવું.'

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वांच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૫ મું.] આસો-સંવત ૧૯૭૫. વીર સંવત-૨૪૪૫. [અંક ૭ મો.

## श्री उपदेश सप्ततिका–अनुवाद.

( લેખક—જૈન યાચક ગીરધર હેમચંદ

( અનુસંધાન પૃષ્ટ ૧૨૦ થી.

### હરિગીત.

જે કોઇ પ્રાજ્ઞ જનો હિસેથી દંભ મૂકી વેગળો,
ત્યજતા અહંમદ ભાવને રાખે ન મનમાં આમળો;
જિનદેવ હુકમ પ્રમાણ કરતા ચાલતા જિનમાર્ગમાં,
તેનુ સકલ સુવિધાન[1] રક્ષણ કરતું વહે શિવમાર્ગમાં.
અત્યંત પાપોદયવડે ભવભ્રમણથી ભવ્યાત્મ જે
ભય પામતા ભવભીરૂ ભવ્યને સુખદ એ જ ઉપા
છે સુલભ ભવ ભમવું ન પડતું પાપથી ડરી
નિષ્પાપી તે સંસારકૂપમાં આત્મને
ધન ધાન્ય રત્ન સુવર્ણ રૂપ ને તરૂ
તે સર્વ ક્ષણભંગુર[2] વિદ્
અસ્થિર સમજી એમ આ
સ્ત હૃદયમાં લાવો વિ
સુત નારી બંધુ મિત્ર આદિ
એક મન છતાં પણ પાપ વશથી ... ૬

—ચુડાવાળા

1 સદ્અનુષ્ઠાન 2 ક્ષણ વિનાશી 3 વીજળી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરોક્તમાંથી કોઈ પણ અવસાન સમયે આપણું,
રક્ષણ કરી ન શકે બની લાચાર શું કહીએ ઘણું ? ૫૭
જે ચિત્તમાં મતિ પાપની પેસી કરે કાળું ઘણું,
આજીવિકા નિર્વાહમાં પણ મુખ્ય સાધન પાપનું;
તે દુર્જનો કદી સુખ કે સંતોષને નથી પામતા,
પણ સર્વ ઠામે દુઃખ ને સંતાપથી પીડિત થતા. ૫૮
જિન ચૈત્ય સંઘ સુધર્મ ને આચાર્ય આદિ ગુરૂતણી,
ગુણરાગથી ગુણ સ્તુતિ કરે જે ભવ્ય નિષ્કપટ ઘણી;
તે સુલભબોધિ થઇ ભવાન્તર ધર્મ આરાધન કરી,
શિવ વરે પણ જે નિંદકી દુર્બોધિ ભવ હારે ફરી[૪] ૫૯
અજ્ઞાનતા દોષે થઇ પરતંત્ર પાપ કરે જનો
તે તત્ત્વ કંઇ જાણે નહીં પરમાર્થ વિણ ભવ એમનો;
જાતો વૃથા દુઃખ દીનતા દારિદ્રથી આ લોકમાં
તેમજ ખરા સુખથી રહે છે દૂર એ પરલોકમાં. ૬૦
પુન્યોદયે સમ્યગ્ થયો જો જ્ઞાનદીપ પ્રકાશ તો,
ભવ્યાત્મ તે પુન્યવંતથી મિથ્યાત્વ તમ દૂર નાસતો;
સુપ્રયત્નથી શિવમાર્ગને અવલોકી આગળ પદ ધરે,
અનુક્રમે સહજ સ્વરૂપ પામી પરમ આત્મપણું વરે. ૬૧
તે મોક્ષપથમાં ચાલતા ભવ્યાત્મ સકલ પ્રયત્નથી,
ત્યાં અતિ મહાબલવંત ક્રોધાદિક અરિના વિઘ્નથી;
હારે કમાણી પુન્યધનની છળ બળે ધૂર્તાઇથી,
કોઇકજ સ્વબળથી ભાવશત્રુ જીતતા નિર્માયથી; ૬૨
બહુ પાપકર્મ નિઃશંક ભાવે સેવનારા અજ્ઞ જે,
સર્વજ્ઞભાષિત ધર્મને નહિ જાણતા મહામૂર્ખ તે;
અજ્ઞાનકષ્ટ કરી મરે અભિમાનથી પાપી જનો,
તે નરક કૂપે નાખતા આત્મા અરેરે તેમનો. ૬૩

અપૂર્ણ.

૪ સંસારચક્રમાં ભ્રમણ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुनि गुण सझाय.

ધન્ય ધન્ય મુનિવર સમતા રસ રમે, (૨) નિજ ધ્યાને ચકચુર. ધન્ય૦

અહોનિશ આનંદ અંતર દીપતો, પુદ્‌ગલભાવે સબુર;
પારસ ને પાષાણ સમદ્રષ્ટિએ, કામિની કંચન દૂર. ધન્ય૦
દુ:ખ નવી ઉપજાવે કો જીવને, ભાષણ પણ સુખરૂપ;
આડંબરથી અલગા નિત રહે, સેવે તપ પદ ધૂપ. ધન્ય૦
નિંદા સ્તુતિ કદી નવી ચિત્ત ધરે, જ્ઞાન ગુણે મશગુલ;
ગ્રંથ અધ્યાતમ પઠન મનન કરે, ઉપદેશે અનુકૂળ. ધન્ય૦
સ્વગુણ રંગીલા રે મુનિવર વીરલા, ભારત ભૂષણ ભૂપ;
નિજ તારણ સહ પરને તારતા, નિર્યામક એ અનુપ. ધન્ય૦
એવા ઉત્તમ મુનિ નિત્ય વંદીએ, આતમ ધ્યાને હજુર;
અચળ "અમર" પદ નિશ્ચય પામવા, ચિત્ત આનંદ ભરપૂર. ધન્ય૦

# " उघाड्यां छे अम्हे द्वारो. "

(ગઝલ)

ગરીબને આશરો દેવા, પ્રણયના પાઠ શીખવવા;
અમ્હારી ગૃહશાળાના, ઉઘાડ્યાં છે, અમ્હે દ્વારો. ૧
દવા બ્રહ્મચર્યની દેવા, દવા દીન બન્ધુને દેવા;
અમ્હારી દવાશાળાના, ઉઘાડ્યાં છે અમ્હે દ્વારો. ૨
"સત્યાગ્રહના" સદાવ્રતને, પ્રભાતે દાનમાં દેવા;
અમ્હારા મ્હેલ મંદિરના, ઉઘાડ્યાં છે અમ્હે દ્વારો. ૩
આત્માનું રાજ્ય મેળવવા, અરિષટનું છેદન કરવા;
અમ્હારા વાંચનાલયના ઉઘાડ્યાં છે અમ્હે દ્વારો. ૪
ગરીબી મ્હોરી લેવાને, સૌખ્ય ભિક્ષુક દેવાને;
અમ્હારી પર્ણકુટિના, ઉઘાડ્યાં છે અમ્હે દ્વારો. ૫
પૂજ્ય **महावीर मूर्त्तिना**, વિશ્વને આપવા દર્શન;
નિરંજન નાથ **कृपयाथी** ઉઘાડ્યાં છે અમ્હે દ્વારો. ૬

ગુલાબચંદ મૂળચંદ બાવિશી-ચુડાવાળા
હાલ આફ્રિકા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सूक्तमुक्तावली.

( અનુસંધાન પૃષ્ટ ૧૪૪ (૧૭૬) થી. )

## ૨ અર્થ વર્ગ.

### उपेंद्रवज्रा.

अथार्थवर्गे हितचिंतनश्री-र्मितंपचाऽर्थस्य महीशसेवा ।
खलादिमैत्री व्यसनादिचैव-मिहावचार्याः कतिचित्प्रसंगाः ॥ १ ॥

### ૩૭ અર્થ વિષે.

( ન્યાય નીતિ અને પ્રમાણિકપણાથીજ દ્રવ્ય ઉપાર્જન કરવા હિતોપદેશ. )

### માલિની વૃત્ત.

અરથ અરજ જેણે, સ્વાયતે વિશ્વ હોવે,
જિણવિણ ગુણ વિદ્યા, રૂપને કોણ જોવે;
અભિનવ સુખકેરો, સાર એ અર્થ જાણી,
સકળ ધરમ જેથી, સાધિયે ચિત્ત આણી. ૧
અરથ વિણ કેવન્નો,[1] જેહ વેશ્યાએ નાંખ્યો,
અરથ વિણ વશિષ્ટે, રામ જાતો ઉવેખ્યો;
સુકૃત સુજસકારી, અર્થ તે એ ઉપાર્જે,
કુવણજ ઉપજંતો, અર્થ તે દૂર વર્જે. ૨

ભાવાર્થ:—ગૃહસ્થ વેષે સંસાર વ્યવહારમાં રહેતાં પગલે પગલે દ્રવ્યની જરૂર પડે છે. દ્રવ્ય વગર પોતાનામાં ગમે તેવા ગુણ વિદ્યા કે રૂપ હોય તેને કોણ જોવે છે—તેની કદર કે પરવા કોણ કરે છે કોઇ નહિ. તેથી સ્વબાહુબળથી ન્યાય, નીતિ અને પ્રમાણિકપણું રાખી—સાચવીને તમે એવો અર્થ ઉપાર્જન કરો કે જેવડે સહુ કોઈ તમને અનુસરીને ચાલે. જો એમ કરશો તો તમે સ્વસ્થ ચિત્તથી દાનાદિ સકળ ધર્મ સાધી શકશો અને એથી અપૂર્વ સુખ સમૃદ્ધિને સહેજે પ્રાપ્ત કરી શકશો. ૧

જુઓ કે અર્થ વગર કયવન્ના શેઠનો વેશ્યાએ અનાદર કર્યો. અર્થ વગર વશિષ્ઠે રામને જાતો ઉવેખ્યો. એમ સમજી હે સુજ્ઞજનો ! સુકૃત અને સુયશને પેદા કરનાર અને વૃદ્ધિ પમાડનાર અર્થને ખરી નીતિથી નિર્દોષ માર્ગે ઉપાર્જ કરોને

[1] કયવન્ના શેઠ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને કુવણજથી (નીચ એવા પાપવ્યાપારથી) પ્રાપ્ત થતા ગમે તેટલા દ્રવ્યની પણ ઉપેક્ષા કરો-દરકાર ન કરો. ૨

માર્ગાનુસારીપણાના ૩૫ હિત બોલોમાં પ્રથમજ આ વાત કહેવામાં આવી છે કે હે ભવ્યજનો ! જો તમે શ્રી વીતરાગ ધર્મ પામવાની ચાહના રાખતાજ હો તો અનીતિ અન્યાય અને અપ્રમાણિકપણાના દ્રવ્યની ઉપેક્ષા કરીને શુદ્ધ નીતિ-ન્યાયથીજ જેમ બને તેમ નિર્દોષ વ્યાપારવડેજ દ્રવ્ય ઉપાર્જન કરવાનું રાખો. એથી તમને સુબુદ્ધિ સૂઝશે. જેવો આહાર એવો ઓડકાર આવે એ ન્યાયે: જો નીતિનું દ્રવ્ય પેટમાં જાય તો બુદ્ધિ સારી-નિર્મળ થશે અને દાનાદિક ધર્મમાં પ્રવૃત્તિ કરવા અને એ અસ્થિર દ્રવ્યથી સ્વપર હિત કરી લેવાનું સૂઝશે. પૂર્વે અનેક સાહસિક પુરૂષો પુરૂષાર્થવડે અનર્ગલ લક્ષ્મી કમાઇ લાવીને ઉંચી સ્થિતિ ઉપર આવી પોતાના અનેક સીદાતા-દુઃખી થતા માનવબંધુઓનો ઉદ્ધાર કરી, પવિત્ર ધર્મને દીપાવી સ્વજન્મ સફળ કરતા હતા. પૂર્વે થયેલા મહા સમૃદ્ધિવંત આનંદ કામદેવાદિ શ્રાવકોની વાર્તા તો શાસ્ત્રપ્રસિદ્ધ છે, પણ આ કલિકાલમાં પણ એવા કઇક નિઃસ્વાર્થ દાનેશ્વરી થયા છે કે તેમનાં પવિત્ર ચરિત્ર વાંચતાં ચિત્તમાં ચમત્કાર પેદા થાય છે.

## ૩૮ હિતચિંતન વિષે.

### (પરહિતચિંતન યા પરોપકાર કરવા હિતોપદેશ.)

પરહિત કરવા જે, ચિત્ત ઉચ્છાહ ધારે,
પરકૃત હિત હૈયે, જે ન કાંઇ વિસારે;
પ્રતિહિત પરથી જે, તે ન વાંછે કદાઇ,
પુરૂષરયણ સોઇ, વંદિયે સો સદાઇ. ૩
નિજ દુઃખ ન ગણે જે, પારકું દુઃખ વારે,
તિહતણી બલિહારી, જાઇયે કોડી વારે;
જિમ વિષભર જેણે, ડંક પીડા સહીને,
વિષધર[૧] જિનવીરે, બૂઝવ્યો તે વહીને. ૪

**ભાવાર્થ:**—પરહિત કરવા જે સદાય ચિત્તમાં ઉત્સાહ ધરે છે, એવાજ સદ્વિચાર જેના મનમાં સદાય જાગૃત રહે છે, એવીજ મિષ્ટ-મધુરી હિતવાણી રૂપ અમૃતરસ જેની મુખ-ગંગામાંથી વહે છે, અને એવીજ હિતકરણી કરવા સદાય ચીવટ રાખી પ્રવર્તે છે; બીજા પરોપકારશીલ પુરૂષોએ કરેલાં હિત-કાર્યો (પરોપકારનાં કામ) જે કદાપિ વિસરી જતા નથી, અને કરેલા ઉપકારનો બદલો મેળવવા જેમને ઇચ્છા થતી જ નથી તેવા પુરૂષરત્નો સદા સર્વદા સત્કાર-સન્માન કરવા લાયકજ છે. ૧

૧ ચંડકોશીઓ સર્પ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે પોતાનું દુઃખ ગણકારતા નથી અને પારકું દુઃખ દૂર કરવા કાયમ પ્રયત્ન કરે છે તેવા પુરૂષાર્થી પુરૂષરત્નોની કોટીવાર બલિહારી છે. જૂઓ ચરમ તીર્થંકર શ્રી મહાવીરદેવે ચંડકોશીયા નાગની ડંકપીડા સહીને પણ કેવળ પરમાર્થ દ્રષ્ટિએ તેને પ્રતિબોધ કર્યો એ વાત મશહૂર છે. આવા આદર્શ પુરૂષોનાં પવિત્ર વર્તનનું બની શકે તેટલું અનુકરણ કરવું જોઇએ, કે જેથી આપણું પણ જીવન સાર્થક થઇ શકે. ૨

પવિત્ર આદર્શ પુરૂષોના હૃદયની એવીજ ભાવના હોય છે કે સહુ કોઇ સુખી થાઓ ! સહુ કોઈ રોગ-પીડા રહિત થાઓ ! સહુ કોઈ કલ્યાણને પામો અને પાપાચરણથી દૂર રહો. એવા મહાન્ પુરૂષોના મનમાં 'આ મ્હારૂં અને આ પરાયું' એવો ભેદભાવ હોતો નથી. તેમના ઉદાર દીલમાં તો આખી દુનીયા કુટુંબ રૂપ મનાય છે. તેઓ સદાય ઇચ્છે છે કે આખી આલમનું ભલું થાઓ-આખી દુનીયામાં સુખ-શાન્તિ પ્રસરો ! સહુ કોઈ જનો પરનું હિત ( પરોપકાર ) કરવા તત્પર બનો ! અહિતકારક પાપ-દોષ માત્ર દૂર થાઓ ! અને સર્વત્ર સહુ કોઇ સુખી થાઓ ! સહુ સાથે આવી ઉદાર મૈત્રીભાવ ઉપરાંત સદ્ગુણીના ગુણ નીહાળી તેમને અનુમોદન અને પુષ્ટિ આપવારૂપ પ્રમોદભાવ અને અલ્પગુણીને કે દુઃખીને દેખી તેમને યોગ્ય સહાય કરવારૂપ કરૂણાભાવ તથા તદન કઠોર અને સુધારી ન શકાય એવા નિર્ગુણી કે દુષ્ટ જીવો તરફ પણ રાગદ્વેષ વગરની મધ્યસ્થતા રાખવા તેઓ ઉપદિશે છે.

### ૩૯ લક્ષ્મી લિપિ.

( લક્ષ્મી પ્રભાવ વર્ણન. )

હરિસુત રતિ રંગે, જે રમે રાત સારી,
શિવતનય કુમારો, બ્રહ્મપુત્રી કુમારી;
હિત કરી દૃગ લીલા, જેહને લક્ષ્મી જોવે,
સકળ સુખ લહે સો, સોઇ વિખ્યાત હોવે. ૫

લખમિબળે યશોદા-નંદને વિશ્વ મોહે,
લખમિ વિણ વિરૂપી, શંભુ ભિક્ષુ ન સોહે;
લખમિ લહિય રાંકે, જે શિલાદિત્ય ભંજ્યો,
લખમિ લહિય શાકે, વિક્રમે વિશ્વ રંજ્યો. ૬

ભાવાર્થ—હરિ જે ઇન્દ્ર તેનો સુત-પુત્ર નામે જયંત અથવા હરિ જે કૃષ્ણ વાસુદેવ તેનો સુત-પુત્ર નામે પ્રદ્યુમ્ન ( અપર નામ કામદેવ ) તે રતિ ( અપ્સરા જેવી રૂપવંતી સ્ત્રી ) સંગાતે બધી રાત રમણ-ક્રીડા ( સંભોગ ) કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેમજ શિવ જે મહાદેવ તેનો તનય-પુત્ર નામે કાર્તિકેય અથવા ગણપતિ તે બ્રહ્માની પુત્રી સાથે સંયોગ પામ્યો તે લક્ષ્મીના પ્રભાવથી. ટુંકાણમાં જેના તરફ લક્ષ્મી કૃપાકટાક્ષથી ( પ્રસન્ન થઈ ) જોવે તે સકળ સુખ-સંપદા પામે. ૧ લક્ષ્મી-દેવીના બળ-સહચાર્ય-સદા સહવાસથી યશોદાનો નંદન-પુત્ર જે કૃષ્ણ વાસુદેવ તેના ઉપર સહુ કોઇ મોહી પડ્યા અને એ લક્ષ્મી વગરના શંભુ-શંકર -મહાદેવ જે વિરૂપ-રૌદ્ર-બિભત્સ રૂપને ધારતા હતા, તે ભિક્ષુ-ભિખારીની જેમ કરી શોભા પામ્યા નહિ. વળી લક્ષ્મીના પ્રભાવથી એક રાંકા નામના શેઠે શિલાદિત્ય જેવા નરપતિ-રાજાનો પણ પરાભવ કર્યો, તેમજ વિક્રમાદિત્ય રાજાએ એ લક્ષ્મીનીજ પ્રસન્નતાથી દુનિયાના લોકોને અનૃણ (રણમુક્ત)કરી, સહુને રાજી કરી પોતાના નામનો સંવત્સર ચલાવ્યો. (આમાંના પ્રથમ છંદમાં કહેલા દાખલા લૈકિક શાસ્ત્રમાં પ્રસિદ્ધ જાણીને કહેલા જણાય છે. બોધ લેવા માટેજ તે ઉપયોગી લેખવાના છે.) ૨

**પરમાર્થ**—ગૃહસ્થાશ્રમ સારી રીતે ચલાવવા ઇચ્છનારા ગૃહસ્થોને લક્ષ્મી ( ધન ) ની ડગલે અને પગલે જરૂર પડે છે. કહો કે તેના જ આધારે તેનો સઘળો સંસાર વ્યવહાર ચાલી શકે છે. પુરૂષાર્થ ફોરવી, ન્યાય-નીતિ-પ્રમાણિકતા સાચવી, યથાયોગ્ય વ્યવસાય કરનારની ઉપર લક્ષ્મી દેવી પ્રસન્ન થાય છે-તેને લક્ષ્મી સ્વયમેવ વરે છે, કહો કે તેની ડોકમાં પોતેજ વરમાળા નાંખે છે. સમર્થ શાસ્ત્રકારોએ લક્ષ્મીને પેદા કરવા તેમજ તેને સ્થિર કરી ( ટકાવી ) રાખવાનો અકસીર ઉપાય, ન્યાય, નીતિ કે પ્રમાણિકતાથી સાવધપણે વ્યવસાય કરવા રૂપજ વખાણેલો છે. તેમ છતાં કઇક અજ્ઞાની અને લોભી જનો તે લક્ષ્મીને અનીતિ-અન્યાયથીજ પેદા કરી લેવા મથે છે, પણ પુન્ય વગર તે પ્રાપ્ત થતીજ નથી અને કદાચ પ્રાપ્ત થઇ હોય તો તે અનીતિ-અન્યાયનું ઉપાસન કરનાર પાસે વધારે વખત ટકતી નથી. વળી જે સારાં સુકૃત્ય કરે છે તેમને લક્ષ્મીની ઇચ્છા ન હોય તો પણ તે ગમે ત્યાંથી સહેજે આવી મળે છે. અત્યારે જેમને લક્ષ્મી પ્રાપ્ત થઇ હોય તે પૂર્વે કરેલાં સુકૃત્યના પ્રભાવથી જ થઈ હોય છે પરંતુ લક્ષ્મીને પામ્યા છતાં જે મદમત્ત બની સુકૃત્ય કરતાં નથી તેમને પ્રથમ કરેલું પુન્ય ખલાસ થતાં દુર્દશાજ ભોગવવી પડે છે; તેથી સુજ્ઞ જનોએ ન્યાય, નીતિથી બને તેટલી લક્ષ્મીનું ઉપાર્જન કરી, તેનો સદુપયોગ જ કરવો ઘટે છે.

કહેવાય છે કે '**ત્યાગે તેની આગે**' અને '**માગે તેથી નાસે**' તે હકીકત બહુજ અર્થસૂચક છે. જે કોઈ મહાનુભાવ લક્ષ્મીને અસ્થિર-(ચપળ સ્વભાવી) અને અસાર સમજી, તેની ઉપરની મમતા-મૂર્છા તજી, પરમાર્થ દાવે તેને સારાં ક્ષેત્રોમાં વિધિપૂર્વક વાવે છે તેને તેથી અનંત ગુણી દ્રવ્ય અને ભાવ લક્ષ્મી અનાયાસે મળી આવે છે એ વાત ખરી છે. તેમજ જે કોઇ યોગ્યતા વગર તે લક્ષ્મીની યાચના કરે છે, વિવિધ પ્રકારના વ્યવસાય કરે છે, કાળાં ધોળાં કરે છે અને તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે મરી ફીટે છે તેમને તે મળતીજ નથી, એટલે તેમનાથી તે દૂરને દૂર ભાગતી ફરે છે. દાન, ભોગ અને નાશ એ લક્ષ્મીની ત્રણ ગતિ કહી છે. જે મુગ્ધ જનો કૃપણતાથી છતી લક્ષ્મીએ દાન દેતા નથી તથા તેનો રીતસર ઉપભોગ પણ કરતા નથી તેમની તે લક્ષ્મી છેવટે નાશજ પામે છે. અથવા તો તે કૃપણ એવા મમ્મણ શેઠની જેમ લક્ષ્મીને અહીંજ અનામત મૂકી મરી જાય છે.

દાન દાનમાં પણ ફેર છે. જે દાન વિધિપૂર્વક બહુ માનથી સત્પાત્રને દેવામાં આવે છે તેનાથી પુન્યાનુબંધી પુન્ય ઉપાર્જન થાય છે. તેવું દાન દઇને પ્રમુદિત થવાને બદલે પાછળથી ખેદ કરનારને ફળની હાનિ થવા પામે છે; તથા અજ્ઞાનપણે કુપાત્રનું પોષણ કરવાથી અને કુવ્યસનાદિનું સેવન કરવામાં ઉડાવી દેવાથી તેનો નાશ પણ થાય છે. અજ્ઞાન ભર્યાં તપજપ કાયકષ્ટાદિક કરવાથી પાપાનુબંધી પુન્ય ઉપાર્જન કરનારને જોકે લક્ષ્મી મળે છે, પરંતુ તેનો તે દુરૂપયોગ કરીને દુર્ગતિ પામે છે.

જે સદ્દભાગી દ્રવ્ય-લક્ષ્મીનો મોહ તજી તેનો વિવેકથી સદુપયોગજ કરે છે તે આંતર ( ભાવ ) લક્ષ્મીને પ્રાપ્ત કરી અંતે પરમપદને પામે છે. ઇતિશમ્.

સન્મિત્ર કર્પૂરવિજયજી.

## आपणे दयालु छीए तेनी साबीती शी ?

વ્હાલા બંધુઓ અને બ્હેનો !

આપણા હૃદયમાં દયા વસી છે એમ ક્યારે અને શી રીતે લેખી શકાય ? જ્યારે બીજા જીવોની દયામણી સ્થિતિ જોઇ આપણું દીલ દ્રવે-મન પીગળે અને પરોપકાર દ્રષ્ટિથી તેમનું દુ:ખ દૂર કરવા તન મન ધનથી ઉદ્યમ કરાય ત્યારે જ આપણું દીલ દયાળુ-કોમળ છે એમ કહી શકાય. આ બાબતમાં બીજા ગમે તે કહે પણ આપણું અંત:કરણ જ સાક્ષી આપે છે.

દયા-અનુકંપાનો ગુણ આપણામાં જેમ બને તેમ વધારે ખીલવવાની જરૂર છે. વળી તે દયા-અનુકંપા પણ ડહાપણભરી હોવી જોઇએ. તે ગુણ આપણામાં જેટલે અંશે ખીલતો જશે તેટલે અંશે આપણે પવિત્ર ધર્મના અધિકારી બની શકશું; કેમકે દયાજ ધર્મનું મૂળ છે, તેમજ સત્ય, પ્રમાણિકતા, બ્રહ્મચર્ય, સુશીલતા અને મૂર્છા-મમતા રહિતપણારૂપ અસંગતાદિક વ્રત માત્ર તે દયા અથવા અહિંસાની રક્ષા માટે જ છે.

સર્વે જીવો જીવિત ઇચ્છે છે, કોઇ મરણ ઇચ્છતા નથી; અને જેવી રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખની લાગણી આપણને થાય છે તેવીજ અન્યને પણ થાય છે જ તો પછી કોઇ પણ જીવને પ્રતિકૂળતા–પીડા ઉપજે તેવાં આચરણ નહિ કરતાં તેમને સુખ–સમાધિ ઉપજે એવાંજ આચરણ કરવાં જોઇએ.

સુખના અર્થી જનોએ કોઇ જીવને કદાપિ પ્રતિકૂળતા ઉપજાવવી નહિ જોઇએ. "સર્વે સુખી થાઓ! સર્વે રોગ રહિત થાઓ! સર્વે મંગળમાળા પામો! કોઇ પાપાચરણ નહિ કરો!" "આખી દુનિયામાં સુખ–શાન્તિ પ્રસરો! જીવ માત્ર એક બીજાનું હિત કરવા તત્પર થાઓ! દોષ માત્ર દૂર થાઓ! અને સર્વત્ર સુખ–સમૃદ્ધિ પ્રાપ્ત થાઓ!" આવી ઉદાર મૈત્રી ભાવના આપણા દરેકના દીલમાં દઢ રૂઢ થવી જોઇએ. દુઃખી જીવોનાં પ્રગટ દુઃખ દૂર કરવા ઉદાર દીલથી બનતી મદદ કરવા ઉપરાંત તેઓ કાયમને માટે દુઃખમુકત થાય એવા બુદ્ધિગમ્ય ઉપાય બતાવવા જોઇએ. સુખી તેમજ સદ્‌ગુણી જનોને દેખી દીલમાં પ્રમુદિત થવું જોઇએ; અને ગમે તેવા કઠોર કર્મ કરનારા ઉપર પણ દ્વેષ નહિ કરતાં તે સુધરી ઠેકાણે આવી શકે એમ જણાય તો તેની કરૂણા કરવી, નહિ તો ઉપેક્ષા કરીને પણ સ્વપર હિતકારી અન્ય ઉચિત આચરણો કરવા માટે કાયમ તત્પર રહેવું જોઇએ. ઇતિશમ્.

મુ. ક. વિ.

## सर्व दानमां अभयदान श्रेष्ठ छे तेवी खरी खात्री करी प्रमाद वर्जी तेवुंज वर्तन करवुं.

'સર્વ કોઇ જીવિત જ ઇચ્છે છે, કોઇ મરવા ઇચ્છતા નથી' એમ યથાર્થ સમજીને સાધુ નિગ્રંથ જનો સર્વ કોઇને સ્વ આત્મસમાન લેખે છે, કોઇને ભય ત્રાસ આપતા નથી. સાધુ નિગ્રંથોની પેરે સર્વ જીવોને અભય આપી શકાય તે તો ઉત્તમ વાત જ છે; પરંતુ તેમ સર્વથા કરવું બની ન શકે તો જેટલું શકય હોય તેટલું તો અવશ્ય કરવું જ જોઇએ.

જે મહાનુભાવો ઉત્તમ પ્રકારની ક્ષમા, મૃદુતા, સરલતા, અને સંતોષાદિક સદ્‌ગુણોને ધારણ કરી ક્રોધાદિક કષાયોને જીતી શકે છે, ઇન્દ્રિયોને કબજે રાખી વિષયાસક્તિથી દૂર રહે છે; દઢ સંયમ બળથી સત્યાદિક મહાવ્રતોનું પરિશીલન કરે છે અને પવિત્ર વિચાર વાણી તથા આચારનું સેવન કરે છે તેવા સંત સાધુજનોજ સર્વ જીવોને પૂર્ણ રીત્યા અભયદાન દઇ શકે છે, બાકીના ગૃહસ્થ જનો તો થોડે ઘણે અંશે જીવોને અભયદાન દઇ શકે છે.

પણ શાસ્ત્રકાર કહે છે કે પહેલું જ્ઞાન અને પછી અહિંસા અથવા દયા–કેમકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અહિંસા અથવા દયાનું યથાર્થ સ્વરૂપ સમજ્યાથીજ તેનો યથાર્થ લાભ લેવાનો પ્રસંગ પ્રમાદ રહિત સાધી શકાય છે, યથાર્થ જ્ઞાન અથવા સમજ વગર તો અહિંસા અથવા દયાને બદલે હિંસાનો માર્ગ પણ આદરી લેવાય છે. યથાર્થ જ્ઞાન અથવા સમજવડે જે સર્વ જીવોને સ્વઆત્મસમાન સમજી તથાપ્રકારની દૃઢ શ્રદ્ધા રાખી પ્રમાદ તજી સત્યાગ્રહ ધારી સ્વકર્તવ્ય માર્ગથી લગારે ચ્યુત થતા નથી તેવા સંત-મહાત્માઓ જ સર્વ જીવોને સર્વથા અભય આપી શકે છે. પરંતુ જેઓ પ્રમાદવશ થઇ સ્વ કર્તવ્ય કર્મમાં શિથિલતા ધારે છે તેઓ તે મહાવ્રતનો જોઇએ તેવો લાભ લઇ શકતા નથી. વિચારથી વાણીથી અને કૃતિથી જેમ જાતે હિંસા કરાય છે તેમ અન્ય પાસે પણ કરાવાય છે, તથા તેનું અનુમોદન પણ કરવામાં આવે છે. મન, વચન કે કાયાથી ઉક્ત જીવહિંસા કરવા કરાવવા કે અનુમોદવાથી સર્વથા વિરમવું તેનું નામ જ સંપૂર્ણ અભયદાન કહેવામાં આવે છે. સુખ દુઃખની લાગણી સહુને સમાન હોવાથી કોઇ જીવને પ્રતિકૂળતા ઉપજાવવી નહિ. ગમે તે પ્રસંગે હૃદયમાં કોમળતા ધારી જયણાથી પ્રવર્તવું જોઇએ, જેથી જીવોની રક્ષા થાય તેવાં સુકોમળ ઉપગરણોનો જ ઉપયોગ કરવો જોઇએ, તેમજ જન્મ જરા મરણનાં દુઃખથી સર્વથા મુક્ત થવાય તેવા સંયમમાર્ગમાં અપ્રમત્તપણે વિહરવા દત્તચિત્ત-એકનિષ્ઠ બની રહેવું જોઇએ. યથાર્થ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રનું યથાવિધિ આરાધન કરવાથી પોતે અભય-નિર્ભય બની અનેક જીવોને અભય આપવા શક્તિવાન્ થઇ શકાય છે. ઇતિશમ્.

સુ૦ ક૦ વિ૦

---

# आपणा सामाजिक सवालो.[1]

## ( ૫ )

( અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૨૬ થી )

સત્ય સ્વરૂપ દર્શન, ચર્ચાની જરૂર,
ભુલાવો ખવરાવનારૂં પ્રાચીન ચિત્ર,
ધર્મ અને સંસાર વ્યવહારની ગુંચવણ,
અવ્યવસ્થિત ચર્ચા અને અનિર્ણયાત્મક વાતો,
ચર્ચાની ભૂમિકા વિશુદ્ધ અને સ્પષ્ટ કરવાની જરૂર.

અત્યાર સુધીમાં આપણે વિચારક મંડળની જરૂરીઆત સંબંધી ઉહાપોહ કરી ગયા. આપણી મહાન્ પરિષદ્-કોન્ફરન્સની વર્તમાન સ્થિતિ શી છે અને તેનાં કારણો કયાં છે તે પણ વિચારી ગયા. આ સર્વ બાબતો કોમના સમસ્ત શરીરને અસર કરનારી છે. આવી રીતે આખા સમષ્ટિ શરીરને અસર કરનારી બીજી કેટ-

---

1. આ અંકનો લેખ વાંચતાં આવશે તો પણ સમજાશે એવી યોજના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીક જરૂરી બાબતોની હવે પર્યાલોચના કરીએ. આ વિચારણામાં પણ આપણે બહુ પૃથક્કરણ કરવાની જરૂર છે અને જે પરિણામ સમજવામાં આવે તે તરફ આપણે પૂર્ણ વિચાર કરવાનો છે, મુદ્દાની બાબતો ઇષ્ટ લાગતી હોય કે અનિષ્ટ લાગતી હોય તે વિચારવા જેવું નથી, અથવા તેથી દોરવાઇ જવા જેવું નથી. જે સ્થિતિ હોય તે આંખો ઉઘાડી રાખીને રજુ કરવી અને તેનાં અવાંતર કારણો શોધી કાઢવાં એ પ્રત્યેક વિચારકનું કર્તવ્ય છે. એ વિચારણાને પરિણામે સ્થિતિ અનિષ્ટ લાગતી હોય તો તેમાં ઘટતા વિચાર કરી ફેરફાર કરાવવો અથવા સૂચવવો એ જૂદી વાત છે પણ સ્થિતિ સારી ન લાગે તેથી તે બોલવી કે લખવી જ નહિ એવા નિર્ણયપર આવીએ તો પ્રગતિ કદિ થાય જ નહિ. પોતાની સ્થિતિથી વાકેફગાર રહેવું અને તેનાં ગર્ભમાં રહેલાં તત્ત્વોને ઉકેલવા એમાંજ સમજણનો સાર છે, વિજ્ઞાનની પરિસિમા છે અને પ્રગતિનો સંભવ છે. ઘણા માણસોની વિચારણા આપણી ખરાબ બાબતોને રજુ કરવાની વિરૂદ્ધ હોય છે, તેઓ અનિષ્ટ બાબતોના દિગ્દર્શનમાં કોમના ગૌરવનો નાશ થતો જુએ છે, એવી વિચારણામાં કોમનું આંતરતત્ત્વ જણાઇ આવે તો એનો મોભો ઉતરતો થઇ જતો કલ્પે છે અને એવા વિચારો અકર્તવ્ય માને છે. મારો વિચાર એથી તદ્દન જૂદો પડે છે. પ્રગતિ કરવાની ઇચ્છાવાળી દરેક સમાજે પોતાની મૂળ સ્થિતિનો વિચાર કરવો, ખરી હકીકતો બહાર લાવવી અને એવી બાબતમાં વિચારકોએ કોમને પંપાળવાને બદલે કડવું પણ સત્ય સ્વરૂપ નજર આગળ રજુ કરી માર્ગદર્શન કરાવવું એ તેમની અતિ જરૂરી ફરજ છે એમ મારૂં માનવું છે. પૂર્વકાળની મોટી મોટી વાતો કરી જાણે અત્યારે પણ હજુ શ્રી મહાવીરનો યુગ વર્તતો હોય અથવા શ્રીમાન હેમચંદ્રના ભવ્ય અંતઃકરણથી રચાયલી જૈન જાહોજલાલીમાં આપણે વર્તતા હોઇએ એવો ખ્યાલ કરાવી તાળીઓ પડાવવી એ કદાચ આપણા ગૌરવના ખ્યાલને આનંદ આપે, આપણી અભિમાન વૃત્તિને પોષે, પણ એથી આપણે આગળ વધી શકતા નથી, સ્થિતિ સુધારી શકતા નથી અને સુધરે તેવી સ્થિતિમાં આપણી સમાજને મૂકી શકતા નથી. સુજ્ઞનું કર્તવ્ય કોમને સારૂં લગાડવાનું હોય તેના કરતાં સત્ય સમજાવવાનું હોય એમ મને લાગે છે અને તે કોમની વિશાળ નજરે યોગ્ય લાગવું જોઇએ. આપણે જ્યારે પૂર્વકાળના ઇતિહાસનો વિચાર કરતાં હોઇએ ત્યારે પૂર્વકાળની ભવ્ય સ્થિતિ ખાસ વિચારવા યોગ્ય છે, તે વખતની સ્થિતિ ચીતરવા યોગ્ય છે અને તેવે પ્રસંગે વિચારવાનો પણ ખરી વાતો બહાર લાવે છે પણ વર્તમાન સ્થિતિનું ચિત્ર આપતાં અથવા કોન્ફરન્સ જેવા મોટા મેળાવડામાં કે નાના મંડળોમાં ભાષણ આપતા વક્તા માત્ર લોકરંજન સારૂ પૂર્વકાળની મોટી મોટી વાતો કરવા મંડી જાય અથવા વર્તમાન સ્થિતિની સાચી વાતો તરફ દ્રષ્ટિપાત ન

For Private And Personal Use Only

કરતાં સાંભળનારની આંખોએ પાટા બંધાવી પ્રશંસા પામી જાય ત્યારે સહૃદય વિચારકને અત્યંત ખેદ થાય તેમાં નવાઈ નથી અને એમ ઘણીવાર થયું છે એવો અંગતિ અનુભવ છે. આપણે આ વિષયની ચર્ચામાં સ્થિતિ ઇષ્ટ લાગે કે નહિ તેનો ખ્યાલ ન કરતાં ખરી સ્થિતિનો ચિતાર આપવા પ્રયત્ન કરશું. એ વિચારણાને અંગે મતભેદ હોય એમાં નવાઈ કે સવાલ જેવું નથી, મતભેદ કે વિચારભેદથી પ્રગતિ અટકતી નથી, પણ છતી આંખે પાટા બાંધવામાં આવે અથવા વિચાર કરી શકે તેવા પણ વિચાર કરવાની નાજ પાડે અને જહાંગીરી હુકમ ચલાવવામાં સ્વસત્તાનો ઉપયોગ માને તો અત્યંત ખેદાસ્પદ પરિણામો આવે એમાં નવાઈ નથી. આ સર્વ સામાન્ય લાગતી બાબતો આપણા સમષ્ટિ જીવનમાં એટલી બધી ઓતપ્રોત થઈ ગઈ છે કે એમાં લખવાની કાંઈ પણ જરૂર ન હોય તેવી સામાન્ય બાબતો પણ વિચારવી પડશે. ઉપર જે બાબતો લખી તેનો ઉલ્લેખ પણ કરવાની જરૂર ન હોય એમ ઘણીવાર લાગશે, કારણ અન્ય કોમને માટે તે વિચારીએ ત્યારે સ્વતઃ સિદ્ધ જેવાજ એ સર્વ સવાલો છે એમ લાગે છે. છતાં અત્યંત ખેદ સાથે લખવાની જરૂર પડે છે કે આપણી કોમને માટે એ પ્રત્યક્ષ સિદ્ધ જેવી લાગતી બાબતો પણ ચોડી પડે છે અને આપણે કોમજીવનના સવાલોનો જાણે વિચારજ કર્યો નથી અથવા કરવાની જરૂર પણ જોઈ નથી અને આપણને ચોક્કસ કારણને લઈને એવા સવાલો વિચારવાની જરૂરીઆત હોય એમ લાગવા પણ દેવામાં આવ્યું નથી.

હવે જે વિચાર કરવામાં આવે છે તે આપણા જીવનને લગતો છે, આપણી ઉન્નતિનો પ્રશ્ન એ સર્વ વિચારણામાં રહે છે, એના વિચારમાં ન ગમે તેવું સ્વરૂપ આવી જાય તો તેનો અંતિમ આશય ‘પ્રગતિ’–(progress) એ લક્ષ્યમાં રાખવું, એમાં કોઈ વાત વ્યક્તિગત લાગે તો તેમાં પણ વ્યક્તિ–જીવન કોમના સંબંધ પરત્વે જેટલું જાહેર જીવન છે તેટલા પૂરતું જ આવશે. આપણને કોઈના ખાનગી જીવનની સાથે સંબંધ નથી, પણ વ્યક્તિગત જીવનમાં જેટલો જાહેર વિભાગ હોય છે તેટલા પૂરતો તેને તારવીને તેના નામ નિર્દેશ વગર તે પર ટીકા કરવાનો જાહેરના હિત ખાતર સર્વને હક છે અને તેથી કોઈ બાબત અમુક વ્યક્તિને બંધ બેસતી આવી જાય તો તે પણ તેના જાહેર જીવન પૂરતી જ છે એમ સમજવું. આશય અંગત ટીકા કરવાનો છે નહિ અને જણાશે પણ નહિ, પરંતુ કોમના ભાવી જીવનને ઉપયુક્ત કરવા સારૂં નામ નિર્દેશ વગર પણ વ્યક્તિગત જાહેર જીવનની વાતો આ વિચારણામાં. આવી જાય તે સંભવિત છે, તો કોમના હિત ખાતર તે તદ્દન યોગ્ય છે એમ ગણશો.

આવા અતિ ગંભીર પ્રશ્નોની વિચારણા કરવા એક તદ્દન નાનું પણ કર્ત-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યના ખ્યાલથી પ્રેરિત, પોતાની જાતને તદ્દન ભૂલી જનાર અને વર્તમાન ઈતિહાસના જ્ઞાનથી તેમજ ભૂતકાળની પરિસ્થિતિથી વાકેફ મંડળ હોવાની જરૂર છે. વિચાર વિનિમય થાય ત્યારે જ ખરી સ્થિતિ સમજાય છે, વિચારોમાં ફેરફાર–સુધારણા થાય છે, વિચાર દર્શન ( expression ) ની ક્રિયામાં વિચાર સ્પષ્ટતા થાય છે અને નવીન માર્ગો સુઝે છે. આવા મંડળની બહુ જરૂર છે અને તેમાં માત્ર વિચારકો-એજ ભાગ લેવાનો છે, ધનને એમાં સ્થાન ન મળવું જોઇએ, અનુભવને પૂરતો અવકાશ આપવો જોઇએ, ચર્ચાને પૂરતો વખત મળવો જોઇએ, વિચાર પૂર છૂટથી બતાવવાના પ્રસંગો તેમાં ઉભા કરવા જોઇએ અને એવા મંડળે દરેક મોટા શહેરમાં પોતાની શાખાઓ ખોલવી જોઈએ. તેમાં પ્રત્યેક વિભાગના સભ્યો વારંવાર મળીને વિચારો કરે, વિચારો કરીને ચર્ચા કરે, નિર્ણયો જાહેર કરે અને સ્પષ્ટ નિર્ણય તરફ લોકમત કેળવે એટલે ધીમે ધીમે પણ મક્કમપણે સમાજ જીવનની સ્પષ્ટતા થાય છે, વ્યવહારજીવન ઉન્નત બને છે અને ધર્મતત્ત્વનો વિસ્તાર થાય છે. આવી રીતે સ્પ-ષ્ટતાથી વિચાર કરવામાં નહિ આવે તો અત્યારે જે ગંભીર પરિસ્થિતિમાંથી આપણે પસાર થઇએ છીએ તેમાં વધારે વધારે ઊંડા ઉતરતા જઇએ એવા પ્રસંગો વધારે દેખાય છે અને ભવિષ્યમાં તેમાંથી અટકવાના પ્રસંગો આવશે કે નહિ તેનો ખ્યાલ કરી શકાતો નથી. એવો સ્વાભાવિક પ્રશ્ન થશે કે વર્તમાન પરિસ્થિતિમાં એવો કયો પ્રસંગ જોવામાં આવે છે કે તેથી વર્તમાન તેમજ ભવિષ્યનું આવું ખેદ કરાવે તેવું ચિત્ર રજુ થાય છે. એ પ્રશ્નના નિર્ણયમાં આ આખો લેખ સાદ્યંત વાંચવા વિજ્ઞપ્તિ છે. બનતા સુધી ઉન્નત સ્થિતિનું જ વિવેચન કરવું, ભવિષ્યમાં આગળ વધતા જઇએ છીએ તેવોજ ખ્યાલ રાખવો ( optimism ) એવો મારો આશય છે અને તે મુદ્દાપર જ હું અત્યાર સુધી લખતો આવ્યો છું; પરંતુ જ્યારે સ્થિતિ ઘણી ગંભીર દેખાય ત્યારે પણ વાસ્તવિક સ્વરૂપથી અજાણ્યા રહેવું, સ્થિતિ દર્શનથી અજ્ઞ રહેવું અથવા જેને અંગે વિચારણા થતી હોય તેને અજ્ઞ રાખવા એ પણ દોષ છે. આ વિચારોને અંગે વસ્તુનું યથાસ્થિત–દેખાયું હોય તેવું દર્શન કરાવવું એ આ આખા વિષયનો હેતુ છે અને તેથી કાંઇ કર્તવ્યભાન થાય તો તેમાં પ્રયાસની સફળતા છે. છેવટે કાંઇ નહિ તો એથી ચર્ચા કરવાના પ્રસંગો ઉત્પન્ન થાય અને એ દિશાએ વિચારો કરવાની જરૂર લાગે તોપણ આ પ્રયાસ સફળ થશે એમ લાગે છે.

એક બીજી બાબત પણ અહીં જણાવવી યોગ્ય લાગે છે. આપણે બે પ્રકારે અત્યારે કામ લેવું પડે છે. **ધર્મ**થી આપણે જૈન છીએ, **વ્યવહારથી** આપણે જુદી જુદી કોમના છીએ. ધાર્મિક ક્ષેત્રમાં આપણે સર્વ બંધુ છીએ, શ્રી વીરશાસનના અનુ-યાયી આપણા સ્વામી ભાઇ છે, આપણે તેની સાથે પૂજન સેવન કરીએ છીએ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેના ઉપર પ્રેમ રાખી એનું બની શકતી સર્વ બાબતમાં વાત્સલ્ય કરવાની આપણી ફરજ સમજીએ છીએ. એની સાથે વ્યવહારમાં આપણે જુદી જુદી કોમો અને પેટા કોમોમાં વહેંચાઇ ગયેલા છીએ. મોટા ભાગના વણિક કોઇ ઓશવાળ, કોઇ શ્રીમાળ, કોઈ પોરવાડ વિગેરે જ્ઞાતિઓમાં વહેંચાઇ ગયેલા છીએ. ઉપરાંત કેટલાક ભાવસાર, ખત્રી, સાળવી, કણબી, ( પાટીદાર ), લુહાણા અને ઘાંચીઓ વિગેરે પણ આપણી સમાજમાં છે. ધાર્મિક અને સાંસારિક વિકાસો ઘણીવાર સરખી રીતે આગળ વહે છે પણ પ્રત્યેક જુદા છે એમ તો આપણે જાણીએ છીએ. સંઘ કે સ્વામીવાત્સલ્યના જમણ ધર્મનિમિત્તક હોય છે, જ્યારે જ્ઞાતિજમણ સાંસારિક હોય છે. કેટલીક જ્ઞાતિઓમાં જૈન તેમજ જૈનેતરો હોય છે. સમજી ન શકાય તેવા કારણે સંઘના જમણ વખતે બીજી કોમના સ્વામીભાઇઓ સાથે પંક્તિભેદ પણ રખાતો જોવામાં આવે છે. કદાચ સાંસારિક બંધારણમાં સંવ્યવહાર જૈનેતર બંધુઓ સાથે કરવાનો હોઇ તેઓ અન્ય કોમ સાથે સંવ્યવહાર કરતા જુએ તો જ્ઞાતિમાં વિકટ પ્રશ્ન ઉભો થાય એ એનું એક કારણ હોય એમ જણાય છે. આવી રીતે સાંસારિક વિકાસ જુદી લાઇનપર અને ધાર્મિક વિકાસ જુદી લાઇનપર હોવાથી બહુ કફોડીસ્થિતિ ઉભી થાય છે, ઘણા મહત્વના સવાલોનો નિર્ણય કરવામાં આપણે જ્ઞાતીય વિચારોથી દોરવાઇ જઇએ છીએ, આપણે જૈન છીએ એ વાત પણ ભૂલી જવાય છે અને શ્રાવકો તો શું પણ સાધુઓ જેવા મહાપુરૂષો જેમને સંસાર સાથે સંબંધ નથી તેઓ પણ વ્યવહારના ખ્યાલમાં આવી મહા વિકટ પ્રશ્નોનો નિર્ણય જ્ઞાતીય નજરે આપતા અનુભવાય છે. આપણો હિંદુઓ સાથે એટલો બધો પરિચય થઇ ગયો છે કે આપણા સંસ્કારોમાં પણ તેની વાસ જોવામાં આવે છે, આપણે પાડોશી થઇ પ્રેમમાં પડી ગયા અને ઘણી બાબતના વિચારો હિંદુઓ સાથે અને તેમની નજરે કરવા લાગ્યા છીએ અને કરતા આવીએ છીએ. આ બાબતની યોગ્યાયોગ્યતા પર અહીં વિચાર ચાલતો નથી, વાત અહીં તો એ છે કે આપણે સામાજિક પ્રશ્નો વિચારતા હોઇએ ત્યારે તેના પેટામાં જે જે આંતર તત્ત્વો હોય તેને પ્રથમથી ઉકેલી નાખવા જોઇએ કે જેથી બને તેટલી સરળતા મુખ્ય પ્રશ્નો વિચારવામાં થઇ શકે. આપણે ભવિષ્યમાં એ સવાલનો વિચાર તો અવશ્ય કરવોજ પડશે કે આપણે અમુકની સાથે ધાર્મિક સંબંધ રાખવો કે વ્યવહારિક સંબંધ રાખવો? બન્ને લાઇનપર વિકાસ થાય તો તે અયોગ્ય નથી પણ મુશ્કેલ ઘ[illegible] છે. અત્યાર સુધી લોકો પોતાનો વિચાર બહુ થોડા કરતા હતા, જૈનો હિંદુઓ સાથે મળીને કામ લેતા હતા, હિન્દુના પર્વો ઉજવતા હતા અને હિંદુઓ મહોત્સવના પ્રસંગે જિનમંદિરમાં આવતા હતા. હવે એ સ્થિતિ ટકવી સંભવતી નથી, તેથી ભવિષ્યમાં કાં તો સર્વ બાબતમાં હિંદુ રહેવું અથવા જૈન રહેવું એજ નિર્ણયપર આવવાનો સંભવ રહેશે, થોડા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંદુ અને થોડા જૈન રહેવું પાલવશે નહિ. આના કરતાં એક તદ્દન નવીન સ્થિતિ પણ ભવિષ્યમાં આવવી સંભવે છે અને તે ઘણીજ અનિષ્ઠ છે. એમાં લોકો ધર્મની દરકારજ નહિ કરે, ધર્મ સંબંધી વિચારજ નહિ કરે, એની ગણના અગત્યની બાબતમાં થશેજ નહિ એ અનિષ્ઠ સ્થિતિ છે અને અત્યારે જે જોસથી કહેવાતી સંસ્કૃતિનો પશ્ચિમનો પ્રવાહ આવે છે તે જોતાં એ સ્થિતિ આવે તો ધર્મનું રહસ્ય બહોળે ભાગે ઘસડાઇ જશે અને માત્ર નામ નિશાનજ રહેશે. અત્યારે યુરોપમાં ક્રીશ્ચયાનીટી માત્ર નામનો ધર્મ છે, ત્યાં ધર્મ માટે કોઇને દરકાર નથી, ત્યાં તો વહેલી સવારથી મોડી રાત સુધી ધનપ્રાપ્તિના મંત્રો ગોઠવાય છે, માનવજાતિના મોટા સમૂહને પણ ધનપ્રાપ્તિના સાધનો ગણી કામ લેવામાં આવે છે અને અત્યંત સખ્ત જીવનકલહમાં ડુબી ગયેલ પ્રજા ધર્મનો વિચાર કરતીજ નથી, એને વિચાર કરવાનો સમય પણ મળતો નથી અને એ સ્થિતિમાં છેલ્લા મહાવિગ્રહે ઘણો વધારો કર્યો છે. એ પાશ્ચાત્ય પદ્ધતિ અને જીવનકલહ વધે તેવા પ્રશ્નો આપણે પણ દાખલ કરી દીધા છે, અજાણતાં કે જાણતાં વિશેષ જોરમાં તે આપણા જીવન સાથે એકમેક થતા જાય છે અને એમજ ચાલ્યા કરશે તો શાંતિસુખમાં રહેનાર આ ભારતભૂમિ પણ ચકડોળે ચડશે અને ધર્માભિમુખ પ્રજા ધર્મથી વિમુખ થતી જશે. આવી સ્થિતિ થાય તો આપણી ધર્મ સંબંધી વિચારણાઓ અવશ્ય ઘટી જશે અને કદાચ જેમ કેટલીક પાશ્ચાત્ય પ્રજાઓ રવિવારે ધર્મને નામે બહાર ફરવા નીકળી પડે છે કે સારાં કપડાં પહેરી દેવળમાં માત્ર જઇ આવે છે તેવી સ્થિતિ નામ માત્ર રહે તોપણ ધર્મ રહસ્ય તો તેમાં રહી શકેજ નહિ. આ પ્રશ્ન આખા હિંદુસ્તાનને લાગુ પડે છે અને તે પર પણ જરૂર વિચાર કરવો જ પડશે. આપણે જે વસ્તુ પર હાલ વિચાર કરીએ છીએ તે એ છે કે ધર્મ સંબંધી વિકાસમાં આપણે સાંસારિક વિકાસ બીજી દિશાએ રાખીએ તો વિકટ સ્થિતિ ઉભી થાય અને આપણે જે સામાજિક પરિસ્થિતિના જૂદા જૂદા વિચારો કરવાના છે તેમાં આપણે અગત્યના પ્રશ્નોને ધુંચવી નાખીએ.

આ બધી વિચારણા કરતાં દરેક પ્રસંગે એટલું યાદ રાખવાની જરૂર છે કે આપણે જૈન છીએ, આપણે હિંદવાસી છીએ અને એ હકીકત લક્ષ્યમાં રાખીને જ આપણે આપણા પ્રશ્નોના નિકાલ કરવાના છે. આપણી સમાજ તરફની ફરજો શી છે ? આપણી દેશ તરફની ફરજો શી છે ? તેનો ખ્યાલ કરતાં આપણે જો બીજા વિચારોમાં દોરવાઇ જઇએ તો આપણા વિચારો ધર્મની નજરે સર્વગ્રાહી થવા સંભવે નહિ. ધર્મને વાંધો આવે, ધર્મની મુખ્ય આજ્ઞાઓનો લોપ થતો જોવામાં આવે, ધર્મના આંતરરહસ્ય સાથે વિરોધ જણાઇ આવે, તેથી તેવા નિર્ણય સાથે આપણને કાંઇ સંબંધ નથી અને તેવો નિર્ણય કદાચ ઉપર ઉપરના વિચારથી આદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રણીય લાગતો હોય તોપણ આપણને તે ઇષ્ટ નથી, આપણું તે શ્રેય કરનાર નથી અને આપણું તે કર્તવ્ય પણ નથી.

ઉપરના વિચારો બહુ શોભે તેવા લાગે છે, બહુ સુંદર જણાય છે, ધર્મ ઉપર પ્રેમ બતાવનારા હોવાથી સુશોભિત દેખાય છે, પણ જ્યારે તેનું વ્યવહારૂ પરિણામ ચીતરવામાં આવશે ત્યારે દૃષ્ટિબિન્દુ ખસી જશે, મુદ્દા ફરી જશે અને પછી વ્યવહારના અને નયના ફાંફાં મારવા પડશે માટે ઉપરની બાબત ચર્ચા કરીને આપણી વિષયચર્ચાની ભૂમિકા સ્પષ્ટ કરી નાખવી જોઇએ. જો એમજ નિર્ણય થાય કે આપણા રાજ્યદ્વારી, સાંસારિક અને ધાર્મિક મુખ્ય તેમજ અવાંતર પ્રશ્નોનો નિકાલ માત્ર ધાર્મિક નજરેજ કરવો છે, માત્ર જૈન આગમ અને મહાન આચાર્યોના ફરમાનોને અનુસારે જ કરવો છે તો અનેક પ્રશ્નોમાં જે ગંભીર ગોટાળા થતા જોવામાં આવે છે તે થતા અટકી જશે. વધારે વિચાર કર્યા વગર બાહ્ય સુંદર દેખાતી આ ભૂમિકા હાલ તો સર્વ કબુલ કરશે એમ મને લાગે છે. તુરત કહેવામાં આવશે કે અલબત, આપણે જૈન છીએ, ચર્ચા જૈન તરીકે જ કરીએ છીએ અને આપણા સર્વ સામાજિક પ્રશ્નોનો નિકાલ ધર્મના સિદ્ધાન્તને અનુસરીને જ કરવો જોઇએ, એમાં બીજો સવાલ હોઇ જ ન શકે.

છતાં અત્યંત ખેદ સાથે જણાવવાની જરૂર છે કે આવું શુદ્ધ લાગતું દૃષ્ટિબિન્દુ આપણે હમેશાં જાળવી શકતા નથી, જ્યારે જ્યારે ચર્ચા કરવામાં આવે છે ત્યારે ત્યારે સગવડ પડે ત્યાં ધર્મ સિદ્ધાન્તનો આધાર લેવામાં આવે છે અને જ્યાં સગવડ ન પડે ત્યાં ' રૂઢી ' ' વ્યવહાર ' ' આચાર ' ને આગળ પાડી દેવામાં આવે છે. આ રીતિ અયોગ્ય છે, એટલું જ નહિ પણ ચર્ચાનો કદિ નિકાલ ન આણે તેવી છે. કોઇ પણ બાબતની ચર્ચા કરતાં પ્રચલિત વ્યવહાર શું છે તે તરફ વિચાર જ ન કરવો એવું અત્ર વક્તવ્ય નથી, પણ નિર્ણય તો ધર્મની નજરે જ થવો જોઇએ, ધર્મ પણ વ્યવહારને પોષે છે એમ કહેવામાં આવે તો પછી કદિ કોઈ બાબતનો નિર્ણય થાય જ નહિ અને ધર્મ શું કહે છે તે વિચારવાનો અવકાશજ ન રહે. વ્યવહારમાં ગમે તેવા ગોટાળા ચાલતા હોય તે જો ધર્મને માન્ય હોય તો પછી ધર્મની નજરે વ્યવહારના પ્રશ્નોનો નિકાલ કરવાનો સવાલ પણ ઉભો થતો નથી. કોઇ મુદ્દાની બાબતને ઉડાવી દેવાનો માર્ગ પ્રચલિત વ્યવહારનો આધાર લેવો એ છે. આ બાબત બહુ વિચાર કરીને નિર્ણય કરવા જેવી છે અને તેનો નિર્ણય ન થાય ત્યાં સુધી ચર્ચા કરવી તદ્દન નકામી છે. આ મુદ્દા ઉપર વિચાર કરવા સર્વ વિદ્વાનોને મારી ખાસ વિજ્ઞપ્તિ છે. અત્યારે અનેક બાબતની ચર્ચા આપણી કોમમાં ચાલે છે, લેખકો મનમાં આવે તેમ લખે છે, બોલનારા બોલે છે પણ મુદ્દો લક્ષ્યમાં રહેતો નથી, તેથી ચર્ચામાં અર્થ વગરની ગરમી વધી જતી જોવામાં આવે છે. એમ લાગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે કે ચર્ચાની ભૂમિકા શુદ્ધ કરી આગળ વધવામાં આવે તો સેંકડો કચવાટો થતાં અટકી જાય.

અહીં ખાસ જણાવી દેવાની જરૂર છે કે ચર્ચાને અંગે 'સંપ્રદાય' થી ચાલી આવતી શૈલીનો આશ્રય લેવામાં આવે તેમાં વાંધો નથી. દાખલા તરીકે ઓઘો અમુક લંબાઇનો રાખવો કે અમુક આકારનો રાખવો, ચરવળાની દાંડી આટલી લાંબી હોવી જોઈએ વિગેરે આવશ્યક ક્રિયાની બાબતો પર સાંપ્રદાયિક જ્ઞાનની છાયા આવે તો તેમાં કાંઇ અડચણ કે અગવડ જેવું નથી, કારણ કે એવી કેટલીક બાબત સંપ્રદાયથી ઉતરતી આવે છે, પણ આપણા વ્યવહારના પ્રશ્નો હોય-સાંસારિક કે રાજ્યદ્વારી સવાલો અથવા ધાર્મિક ચર્ચા ચાલતી હોય તે વખતે તો ધર્મની ચાવીઓ જ ઉઘાડવી પડે, સૂત્ર સિદ્ધાન્ત અને સુવિહીત આચાર્યોના અભિપ્રાયો ઉપરજ આધાર રાખી શકાય, તેમાં પણ જો રૂઢી કે વ્યવહારને મુખ્ય કરવામાં આવે તો પછી કોઇ બાબતમાં ચર્ચા કરવાની જરૂરજ રહેતી નથી.

આ ભૂમિકા સુધી વાત લઇ આવ્યા. ચર્ચાની પદ્ધતિ સંબંધી વાત કરી, ચર્ચાની જરૂરીઆત સંબંધમાં બે મત પડે તેમ નથી. આપણી કોમનો અનેક રીતે એટલો હ્રાસ થતો જાય છે કે જો પદ્ધતિસર પ્રયત્ન કરી ઉપાયો યોજવામાં નહિ આવે તો થોડા વખતમાં આપણે નામશેષ થઇ જઇએ એવી પરિસ્થિતિ જણાય છે, તેથી ચર્ચા તો જરૂર કરવી જ પડશે. ઉપરની ભૂમિકા પર ખાસ વિચાર કરવા જેવો છે અને કોઇપણ સુજ્ઞ જણાવે તો તેના વિચારો જાણવા પણ યોગ્ય છે, તેથી અહીં હાલ તુરત વિરમવું યોગ્ય લાગે છે. ઉપર જણાવેલી દિશાઓ લક્ષ્યમાં રાખીને આપણે આપણા સામાજિક સવાલોની વિચારણાને અંગે કેટલાક સાંસારિક, રાજ્યદ્વારી, ધાર્મિક અને સાથે નૈતિક તેમજ તે સર્વની સાથે અતલગનો સંબંધ ધરાવનાર કેળવણીના સવાલો હવે પછી વિચારશું. દરમ્યાન ઉપર જણાવેલી ચર્ચાની ભૂમિકા પર વિચાર કરવા અને તે સંબંધી પોતાના વિચાર જણાવવા સર્વને વિજ્ઞપ્તિ છે.

મૌક્તિક.

## સ્ત્રીઓને લાજ કાઢવાનું કારણ.

कदाचिदेते तरुणं व्रजेयुः, मा दुर्गतिं मद्वदनं निरीक्ष्य ।
इतिकृपातः युवतीजनोऽयं, मुखे पटाच्छादनमाकरोति ॥

અજ્ઞાનથી તરૂણો કદી પણ મુખ નિહાળી મુજતણું,
તે મનવિષે સવિકાર કામે, દુર્ગતિ દુઃખ જ્યાં ઘણું;
ત્યાં જાઓ નહીં એવી કૃપાથી યુવતીઓ નિજ વસ્ત્રથી
મુખ ઢાંકતી શોભે ભલી લજ્જાળુ ગુણ શીળધર્મથી. ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# तीर्थंकरनी अनेक प्रकारनी भक्ति समकितने निर्मळ करे छे.[1]

૧ દેવદ્રવ્ય પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે ને અમુક જિનમંદિરની અપેક્ષાએ સાદિ છે. અમુક વ્યક્તિની અપેક્ષાએ સાદિ છે.

૨ આરતી વિગેરેના ચડાવાઓ અથવા રથયાત્રાઓ વિગેરેમાં જો ઘી બોલવામાં ન આવે તો પરસ્પર કલેશ થવાનો સંભવ છે ને તેટલા માટે આરતી વિગેરેના ચડાવાની આવશ્યકતા છે.

૩ પ્રથમ જૈનો ઘણા સમૃદ્ધિવાળા હતા ને જિનેશ્વરની ભક્તિ કરવામાં તત્પર હતા. તેમનામાં હાલ કરતાં તીર્થાધિરાજની ભક્તિ કરવાનો પ્રેમ ઘણો હતો; તેથી કરોડો રૂપીઆઓ ચડાવામાં બોલતા હતા. તેને માટે કુમારપાળ મહારાજા વિગેરેના વખતના દ્રષ્ટાંતો મોજુદ છે.

૪ આરતી વિગેરેના ચડાવા કરવાથી જૈનધર્મની પ્રશંસા થાય છે; તીર્થંકરનું બહુમાન થાય છે, ભાવની વૃદ્ધિ થાય છે અને ઘણા જીવો અનુમોદના કરીને લાભ મેળવે છે.

૫ ચડાવા વિગેરે કરવાથી કેટલીક વખત આ શ્વેતાંબરનું તીર્થ છે એવું સાબીત થયું છે ને તીર્થો આપણા કબજામાં આવ્યા છે.

૬ જેમ જેમ દેવદ્રવ્યની વૃદ્ધિ થાય છે તેમ તેમ પૂજાનાં સાધનો (ઉપકરણો) સારાં મળી આવે છે ને ઉત્તમ સાધનોથી ભાવની વૃદ્ધિ થાય છે.

૭ જે સાધુ અથવા શ્રાવક દેવદ્રવ્ય સંબંધી આવક ભાંગે છે અથવા સ્વીકારેલું ધન આપતા નથી અથવા નાશ પામતા દેવદ્રવ્યની ઉપેક્ષા કરે છે તે સંસારસમુદ્રમાં પરિભ્રમણ કરે છે. કહ્યું છે કે—

आयाणं जो भंजइ, पडिवण्णधणं न देइ देवस्स ।
नस्संतं समुविक्खइ, सोवि हु परिभमइ संसारे ॥

આ શ્લોક ઉપરથી એમ જણાય છે કે જે દેવદ્રવ્ય ભક્ષણ કરનારની ઉપેક્ષા કરે તે પણ સંસારમાં ડુબે છે.

૮ સાધુ સાધ્વીઓ જે સ્થળમાં દેવદ્રવ્ય વપરાયું હોય તેવા સ્થળમાં ઉતરી

---

૧ દેવદ્રવ્યના સંબંધમાં તેમજ સ્વપ્ન ઉતારવાથી અને ઘોડીયાપારણું ઝુલાવવા વિગેરેથી કરાતી જિનભક્તિના સંબંધમાં એક મુનિએ આ લેખ લખી મોકલ્યો છે તે તેમનાજ શબ્દોમાં દાખલ કરવામાં આવ્યો છે. તે નિષ્પક્ષપાત બુદ્ધિથી લક્ષપૂર્વક વાંચવા લાયક છે અને તેના રહસ્યનો વિચાર કરી યોગ્ય માર્ગે પ્રવૃત્તિ કરવા યોગ્ય છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે નહિ તથા જેના ઘરમાં દેવદ્રવ્ય હોય તેના ઘરની ગોચરી પણ કરે નહિ. ને જો ગોચરી વિગેરે કરે તો તેને યોગ્ય પ્રાયશ્ચિત્ત કરવું પડે. કહ્યું છે કે—

जिणदव्वलेसजाणियं, ठाणं जिणदव्वभोयणं सव्वं ।
साहूहिं चइयव्वं, जइ तंमि वसिज्ज पच्छित्तं ॥

'જે સ્થાન લેશ પણ દેવદ્રવ્યથી ઉત્પન્ન થયું હોય અથવા જેના ભોજનમાં લેશ પણ દેવદ્રવ્ય રહેલું હોય તેનો સાધુએ ત્યાગ કરવો અને જો તેનો ત્યાગ ન કરે ને તેવા ઉપાશ્રયનો કે અન્નપાનાદિનો સાધુ ઉપયોગ કરે તો તેણે પ્રાયશ્ચિત લેવું જોઇએ. દુષમ કાળના પ્રભાવને લીધે જો સાધુઓ દાક્ષિણ્યતાવડે તેવા માણસોનાં મન સાચવે તો તે યોગ્ય કહેવાય નહિ. જે સાધુ અથવા શ્રાવક તેવાઓનો પક્ષપાત કરે તે સંસારમાં બુડે છે.

૯ જે માણસો દેવદ્રવ્યથી શ્રાવકોનો ઉદ્ધાર કરવા ધારે છે, તેઓ તે શ્રાવકોને દુઃખમાં નાખે છે અને પરિણામે દેનાર લેનાર બંને દુઃખી થાય છે, તેમજ દેવદ્રવ્ય ડુબે છે. પાલીતાણા વિગેરે તીર્થસ્થળોમાં શ્રાવકોની સ્થિતિ પ્રાયે ગરીબીવાળી માલુમ પડે છે તે દેવદ્રવ્યના ભક્ષણનું પરિણામ છે. આથી જે માણસો બાહ્યથી શ્રાવકોની દયા દયા પોકારે છે ને અંદરખાનેથી પોતાના ઘરના પૈસા ન કાઢવા પડે તેટલા માટે દેવદ્રવ્યમાંથી આપવાની વાતો કરે છે તેઓ ગરીબ શ્રાવકોને ઉલટા બમણા દુઃખી કરે છે. એવા માણસો શાસનના હિતકારી નથી પણ જૈનશાસનના શત્રુઓ છે એમ સિદ્ધ થાય છે.

૧૦ તીર્થંકરની ભક્તિને અંગે જે જે ક્રિયા કરવામાં આવે તે તે સમ્યક્ત્વની શુદ્ધિનું કારણ છે; તેથી જે માણસો ઘોડીઆપારણું ઝુલાવે છે અથવા સ્વપ્ન વિગેરે ઉતારે છે તેઓને તે ક્રિયા સમ્યક્ત્વની શુદ્ધિની હેતુભૂત છે. તેટલા જ માટે છપ્પન દિક્કુમારીઓ આવીને ભગવંતના સૂતિકર્મ વિગેરેની ક્રિયાઓ કરે છે તથા ઇંદ્ર મહારાજા વિગેરે ભગવાનને મેરૂ પર્વત પર લઇ જઇ સ્નાન કરાવે છે અને રમવાને માટે રત્નનો ગેડીદડો વિગેરે વસ્તુઓ મૂકે છે. વધારે તો શું કહેવું, પરંતુ આદીશ્વર ભગવાનના લગ્ન વિગેરેનું કામ પણ ઇંદ્ર મહારાજે અને ઇંદ્રાણીઓએ કર્યું હતું તથા દેવતાઓ પણ બાળક વિગેરેના રૂપો કરી જેવી રીતે ત્રણ જગત્‌ના નાથ તીર્થંકરની ભક્તિ થાય તેમ કરતા હતા. તેમાં કોઇ પણ પ્રકારે મિથ્યાત્વ કહી શકાય જ નહિ. જે માણસો અજ્ઞાન દશાને લીધે અથવા પુત્રાદિની અભિલાષાને લીધે તેવું કામ કરે તો તેમાં લોકોત્તર મિથ્યાત્વ છે તે તો દરેક ક્રિયામાં સરખું જ છે, આમાં કાંઇ વિશેષ નથી. કેમકે કોઇ માણસ તીર્થંકરની માનતા વિગેરે પુત્રાદિકની ઇચ્છાએ કરે તો તેવી તુચ્છ ઇચ્છા રાખનારનો તેમાં દોષ છે. માટે ઉત્તમ પુરૂષોએ તેવી તુચ્છ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છા ન રાખતાં ફક્ત મોક્ષસુખની ઇચ્છાએજ તીર્થંકરની ભક્તિ કરવી. તેવી રીતે ભક્તિ કરવાથી સમ્યકત્વ નિર્મળ થાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

सव्वायरेण य एवं, पूइज्जंतोवि देवनाहेहिं ।
न होइ पूइओ खलु, जम्हाऽणंतगुणो भयवं ॥
वेउव्विकरणसत्ती, स्वाणं वज्जिणो हि जावइआ ।
संकप्पाचकहा जाव, भत्तिए तहावि नो सक्को ॥

અર્થ—'દેવતાઓના સ્વામી, ઇંદ્ર મહારાજાએ સર્વાદરવડે કરી પૂજ્યા છતાં પણ ભગવત સંપૂર્ણ પ્રકારે પૂજાતા નથી, કેમકે ભગવાનમાં અનંત ગુણો રહેલા છે. ઇંદ્ર મહારાજની જેટલી વૈક્રિય શક્તિ છે અથવા તેઓના મનમાં જેવા પ્રકારે ભક્તિ કરવાના સંકલ્પો થાય છે તેવા સર્વ સંકલ્પો વડે પૂજા વિગેરે ભકિત કરવાથી પણ તેમની સંપૂર્ણ પૂજા થઇ શકતી નથી.' અર્થાત્ તીર્થંકરની જેટલી ભક્તિ કરો તેટલી ઓછી છે અને જેમ જેમ વિશેષ ભકિત કરશો તેમ તેમ તમારૂં સમ્યકત્વ નિર્મળ થશે.

( ગર્ભહરણ કરવાથી હરિનૈગમેષી દેવે અને કરાવવાથી ઇંદ્રે સમકિત નિર્મળ કર્યું છે અને પુણ્યબંધ કર્યો છે એ હકીકત પણ અહીં ધ્યાનમાં રાખવા યોગ્ય છે. )

જેવી રીતે ભગવંતને સ્નાન વિગેરે કરાવવું તે ભગવંતની બાલ્યાવસ્થામાં મેરૂ પર્વત પર દેવોએ ભક્તિ કરી તેને જણાવી આપે છે અને છદ્મસ્થ અવસ્થાને ભાવનાનું સૂચવન કરી આપે છે, તેવીજ રીતે ભગવાનને બાલ્યાવસ્થામાં ઇંદ્રાણીઓ વિગેરે આવીને હુલરાવતી હતી ને જુદા જુદા પ્રકારે ભકિત કરતી હતી તે અવસ્થાનુ ઘોડીઆપારણું સૂચવન છે. તીર્થંકરની ભક્તિ નિમિત્તે જ્યારથી ભગવાન ગર્ભમાં આવ્યા ત્યારથી પણ દેવતાઓ ભક્તિ કરવાને માટે તત્પર રહે છે તથા ભગવાનના ઘરમાં હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, પુષ્પ, વસ્ત્રાદિની વૃષ્ટિ કરે છે ને જુદા જુદા પ્રકારે ભગવાનની ભક્તિ કરે છે. એવી રીતે ભક્તિ કરવાની આપણી શક્તિ નથી તો પછી સાધારણ રીતે સોના અથવા રૂપાનું પારણું કરાવીને યથાશક્તિ તીર્થાધિરાજની ભકિત કરીએ છીએ તેમાં કેવી રીતે મિથ્યાત્વ સંભવે? મોક્ષની અભિલાષાથી તે કામ થાય તો બીલકુલ તેમાં મિથ્યાત્વનો સંભવ નથી. પ્રત્યુત ઉત્તમ ભાવનાઓ ઉત્પન્ન થવાનો સંભવ છે.

૧૧ ચતુર્દશ સ્વપ્નો પણ જે ઉતારવામાં આવે છે તેમાં પણ તીર્થંકર ભગવાનની માતાએ આવી રીતનાં ચૌદ સ્વપ્નાં દીઠેલાં હતાં અને તેથી આવી રીતના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જણાવેલાં છે તે દરેક સ્વપ્ન સંબંધી વિચાર કરશો ને દીર્ઘદ્રષ્ટિથી જોશો તો તેમાંથી પણ તીર્થંકર ભગવાનના ગુણનું સ્મરણ થશે અને તેથી પણ ઉત્તમ ભાવના ઉત્પન્ન થવાનો સંભવ છે.

આ સિવાય ઉત્તમ પુરૂષોએ જે જે પ્રવૃત્તિઓ કરી છે તે ઘણીજ ઉત્તમ અને પ્રશંસા કરવા લાયક છે અને તેમાં બીલકુલ હાનિનો સંભવ નથી.

જે ઉત્તમ રીવાજ ગીતાર્થોએ આચર્યો હોય, નિરવદ્ય હોય, કોઇ પણ જાતનો પક્ષપાત ન હોય તથા ઉત્તમ પુરૂષોએ જેનો નિષેધ કરેલો ન હોય તે વસ્તુ કરવામાં કોઇ પણ જાતનો વાંધો નથી પણ તેમાં જિનેશ્વરની આજ્ઞા છે એમ માનવાનું શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે, છતાં અજ્ઞાનના બાહુલ્યપણાથી અને સ્વમતિકલ્પનાથી જેમ મનમાં આવે તેમ બોલવું તે કોઇ પણ રીતે યોગ્ય નથી, સ્વીકાર્ય નથી અને ઉત્તમ જનોને ઘટિત પણ નથી. ઇત્યલમ્.

એક મુનિ.

# त्रण अगत्यना सवालो.

પ્રત્યેક વ્યક્તિ ઉપર્યુક્ત શબ્દો વાંચતાં ક્ષણવાર સંસારની ઉપાધિમાં નિમગ્ન થયેલા પોતાના મનમર્કટને પાછું ખેંચી વિચારમાં સ્થાપિત કરે છે. ક્ષણવાર એકાગ્રતાની સાથે તે ચિન્તવે છે કે અહો ! કયા તે ત્રણ અગત્યના સવાલો છે ? મેં અત્યાર સુધી ઘણા સવાલોનું નિરાકરણ કર્યું છે અને મને લાગે છે કે હવે કોઈ બાકી રહેતો નથી; ત્યારે એ પ્રશ્નત્રિક શું હશે ? તે અગત્યના હોવાથી ઉપેક્ષા કરવા લાયક તો નથી.

પ્રિય બંધો ! તે ત્રણ સવાલો આ છેઃ—

( ૧ ) હું કોણ ? ( ૨ ) કયાંથી આવ્યો ? ( ૩ ) કયાં જવાનો ?

આ ત્રણ સવાલો સ્પષ્ટતાપૂર્વક નીચે પ્રમાણે સમજી શકાય. (૧) "હું કોણ ?" —અહીં " હું " શબ્દથી આત્મા સમજવો. આત્મા તો પ્રાયઃ સર્વ જનસંમત જ છે. વિશેષતઃ આધુનિક સમયમાં વિજ્ઞાનશાસ્ત્રીઓએ તેની સત્તા સિદ્ધ કરી છે. તે અસંખ્યાત પ્રદેશમય છે. તેના પ્રત્યેક પ્રદેશમાં અનન્ત શક્તિ રહી છે. કેવળ તે શક્તિ કર્મરૂપ પટળથી આચ્છાદિત થયેલી છે; પરંતુ જો કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર સૂરિ જેમ સ્વરચિત યોગશાસ્ત્રમાં કહે છેઃ—

अहो अनन्तवीर्योऽयमात्मा विश्वप्रकाशकः ।

[illegible] ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમ શુભધ્યાનારૂઢ થઈ જાય તો ત્રણ જગતમાં પોતાનો પ્રકાશ પાડી શકે. માટે શુભધ્યાનમાં લીન થવાની જરૂર છે.

તથાવિધ "આત્મા" શબ્દથી ઉચ્ચારિત થતો "હું" અછેદ્ય અને અભેદ્ય છું. અરૂપી, અનન્ત જ્ઞાન, અનન્ત દર્શન, અનન્ત ચારિત્ર્ય અને અનન્ત વીર્યવાન્ છું. પુદ્ગલો તે મારો ગુણ નથી. "शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम" શુદ્ધ આત્મદ્રવ્ય તે જ હું છું અને શુદ્ધ જ્ઞાનગુણ જ મારી વસ્તુ છે. આવી અનન્ત શક્તિવાળો "હું" કર્મરૂપ બંધનથી બદ્ધ છું, પૌદ્ગલિક સુખમાં રમી રહ્યો છું અને પોતાની શુદ્ધ ચેતના ભૂલી ગયો છું, પુદ્ગલો માટે દોડાદોડ કરી રહ્યો છું, આત્મિકસુખથી વિમુખ રહી વિનશ્વર પદાર્થો માટે પરિભ્રમણ કરી રહ્યો છું. જેટલી પુદ્ગલવિલાસરમણતા મારી વધી તેટલી આત્મિકરમણતા ઘટી; પરંતુ જ્યારે તે ફરીને આત્મિકરમણતા પ્રાપ્ત કરશે ત્યારે જ તેને ઉચ્ચકોટિનું સુખ મળશે.

( ૨ ) ક્યાંથી આવ્યો ?—હે આત્મન્! તું પોતાને એક પર્વત ઉપરથી ગબડતા બેડાળ પત્થરના કકડાની સાથે સરખાવ. જેમ પર્વતપરથી ગબડતો ગબડતો પત્થર નદીમાં તણાવા લાગે, તણાતો તણાતો પાણીના મોજામાં ઘસાવા લાગે, ઘસાઈને અન્તે ગોળ થાય અને લોકો તેને સારા આકારવાળો જાણી ગ્રહણ કરે; તેમ હે આત્મન્! તું પણ અનન્ત નિગોદ અને નરકના દુઃખો સહન કરતો, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિયત્વ પામ્યો. આર્યભૂમિ, ઉત્તમ જાતિ, જિનરાજપ્રણીત ધર્મ, શુદ્ધમાર્ગપ્રદર્શક ગુરૂ અને શુદ્ધધર્મના નાયક અર્હત્દેવ વિગેરે પામ્યો, હવે શા માટે આગળ વધવાનો પ્રયત્ન કરતો નથી ? પ્રયત્ન કર, પ્રયત્ન કર, ગુણોની શ્રેણિ પ્રાપ્ત કરી નિજાનંદ સુખ મેળવ.

( ૩ ) ક્યાં જવાનો ?—હે જીવ! તું તારી સાથે એકાન્તમાં વાત કર ને તારી જાતને પૂછી જો કે તેં તારી જીંદગીમાં કાંઇ સત્કૃત્યો કર્યાં છે ? કઇ ભૂમિકામાં તું રહ્યો છું ? તેં તારો ધર્મ ( સાધુધર્મ યા શ્રાવકધર્મ ) યથાર્થ પાળ્યો છે ? તારૂં વર્તન કેવું છે ? તું જ્યારથી આ જગતમાં આવ્યો ત્યારથી અત્યાર સુધી વિભાવદશામાં કે સ્વભાવદશામાં રહ્યો છું ? As you sow, so you will reap. જેવું વાવીશ તેવું લણીશ. આ પ્રમાણે વિચારવાથી સ્વતઃ તને તેનો જવાબ મળશે અને તેટલા ઉપરથી તું અહીંથી ક્યાં જવાને યોગ્ય છું તે સમજી શકીશ.

ઉપરોક્ત ત્રણ સવાલો પ્રત્યેક વ્યક્તિ પોતાનું જીવન ઉચ્ચ કરવાને સદા ચિન્તવી સ્વાત્મ હિતાર્થે યોગ્ય પ્રયત્ન આદરી શાશ્વત સુખ પ્રાપ્ત કરે એવી લેખકની નમ્ર પ્રાર્થના છે. અમૃતલાલ ડાહ્યાભાઈ શાહ–અમદાવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# देवद्रव्यने लगती चर्चानुं छेवट.

## પંડિત બહેચરદાસે માગેલી માફી.

( પ્રજામિત્ર. તા. ૧૬-૯-૧૯ ઉપરથી ).

એક ગ્રહસ્થ લખી જણાવે છે કે પંડિત બહેચરદાસ જીવરાજે ગયા જાન્યુઆરી મહીનાની તા. ૨૧ મીએ મુંબઇ માંગરોળ સભાના હોલમાં **જૈન વકતૃત્વ કળા પ્રસારક સભાના** આશ્રય હેઠળ " જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ " એ વિષય ઉપર જે ભાષણ આપ્યું હતું, તે સંબંધમાં જેમ ઘણા ગામોમાં મોટો ખળભળાટ ઉભો થવા પામ્યો છે, તેમજ મુંબઇમાં પણ ગઈ આઠમના દિવસે ગોડીજીના ઉપાશ્રયમાં **આચાર્ય શ્રી વિજયધર્મ સૂરિજી** મહારાજના વ્યાખ્યાન વખતે ચર્ચા થઇ હતી. તે વખતે સંઘ તરફથી આચાર્યશ્રીએ **પંડિત બહેચરદાસને** બોલાવી સમજાવી કાંઈપણ નિવેડો લાવવાની સૂચના કરી હતી. પરિણામે આચાર્યશ્રીના સમજાવવાથી પંડિત બહેચરદાસે પોતાના વિચારો માટે અને " જૈન સમાજનું તમસ્તરણુ " વાળા લેખને માટે સમસ્ત સંઘની માફી માંગી છે અને તે વિચારો તથા તમસ્તરણવાળા લેખને પાછા ખેંચી લીધા છે. આ હકીકત ગઇ ચતુર્દશીના દિવસે ગોડીજી મહારાજના ઉપાશ્રયમાં આચાર્યશ્રીના વ્યાખ્યાન વખતે જાહેર કરવામાં આવી હતી. પ્રારંભમાં **મુનિ વિદ્યાવિજયજીએ** કેટલુંક વિવેચન કર્યા પછી જણાવ્યું હતું કે—" તમે બધા જાણીને ખુશી થશો કે બહેચરદાસના જે ભાષણ માટે અને તમસ્તરણવાળા લેખને માટે જૈનસમાજમાં ખલભળાટ ઉઠ્યો છે અને દીલ દુઃખાયાં છે. તે ભાષણ અને લેખને માટે પંડિત બહેચરદાસે માફી માગી છે, એટલુંજ નહિ પણ પોતાના તે વિચારો અને લેખને પાછા ખેંચી લીધા છે. " તે પછી મુનિશ્રીએ પંડિત બહેચરદાસે લખી આપેલું માફીપત્ર સભા સમક્ષ વાંચી સંભળાવ્યું હતું. માફીપત્ર આ પ્રમાણેનું છેઃ—

" ગયા જાન્યુઆરી મહિનાની તા. ૨૧રીએ માંગરોળ સભાના હોલમાં જૈન વકતૃત્વ કળા પ્રસારક સભાના આશરા હેઠળ મેં " **જૈન સાહિત્યમાં વિકાર થવાથી થયેલી હાનિ** " એ વિષય ઉપર એક ભાષણ આપ્યું હતું, તે ભાષણમાં મારા ક્ષયોપશમ પ્રમાણે મેં મારા વિચારો જણાવ્યા હતા. તેમાંના કેટલાએક વિચારો તથા " **જૈન સમાજનું તમસ્તરણ** " નામનો મારો લેખ જૈન સમાજને અયોગ્ય અને અનુચિત લાગ્યાં છે, અને સમાજમાં કેટલોક ખળભળાટ થયો છે એમ મારા જોવામાં આવેછે. મારી વિદ્યાર્થી અવસ્થા છે, તેમાં મારા વિચારોથી કે મારા લેખથી સમાજને દુભવવાનો મારો જરાપણ આશય નહોતો, તેમ છતાં જ્યારે તેમ થવા પામ્યું છે, તો તેથી હું મારા તે વિચારોને માટે અને તમસ્તરણવાળા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખને માટે શ્રી સંઘની પાસે માફી માગું છું, અને તે વિચારો તથા લેખને પાછા ખેંચી લઉં છું. " તા. ૬-૯-૧૯

લી. બેચરદાસ જીવરાજની સહી. દા. પોતે.

માફીપત્ર વંચાઇ રહ્યા પછી પંડિત બહેચરદાસે ઉભા થઇ આ માફીપત્ર લખી આપ્યાનું કબુલ કર્યું હતું. તે પછી શેઠ નગીનભાઇ મંછુભાઇ અને શેઠ મોહનલાલ હેમચંદે આ માફીપત્રથી શ્રી સંઘને સંતોષ થયો છે એમ જાહેર કર્યું હતું, તેમ બીજા ગામોના સંઘોને પણ સંતોષ થશે તેમ ઇચ્છયું હતું. છેવટે ગોડીજી મહારાજની જય બોલાવી સભા વિસર્જન થઇ હતી.

## स्फुट नोंध अने चर्चा.

આ સંસારમાં મનુષ્યો ઘણે ભાગે સાંસારિક ભોગોપભોગમાં વિશેષ રાચેલા રહે છે. તે સંસ્કાર ઘણા જન્મોથી ચોંટેલા હોવાથી ફેરવવા મુશ્કેલ પડે છે, અને તેવા સંસ્કારો વિરૂદ્ધ સારી રીતે સિંચન કરવામાં આવે, વારંવાર શુદ્ધ દિશા દેખાડવામાં આવે ત્યારેજ તેવા સંસ્કારોની સ્થિતિ મંદ પડે છે, મનુષ્ય સ્વસ્વરૂપમાં જાગ્રત થાય છે અને શુદ્ધ રસ્તા તરફ પ્રેરાય છે. આવાં કાર્યો માટે શુદ્ધ નિષ્પક્ષપાત સાધુ મહાત્માઓની બહુ જરૂર છે. આ સંખ્યા જેમ વધારે હોય તેમ શુદ્ધ સંસ્કારોનો વિશેષ ફેલાવો થાય છે; અને જે જ્ઞાતિ કે ધર્મ આવા નિષ્પક્ષપાત ચરિત્ મહાત્માઓ ધરાવે છે તે જ્ઞાતિ કે ધર્મ વિશેષ ફેલાય છે. ધર્મની વૃદ્ધિ માટે, તેના ફેલાવા માટે, તેના અનુયાયીઓની દ્રઢતા માટે તથા જે અનુયાયીઓની ધર્મશ્રદ્ધા ઘટતી જતી હોય અને અન્ય ધર્મમાં તેઓ ફેરવાતા હોય તેવાઓની શ્રદ્ધા દ્રઢ થાય તેવી જાતના ઉપદેશો ફેલાવવા માટે જૈનકોમમાં સાધુ મુનિમહારાજાની સંખ્યા જેમ બને તેમ વધે તે ઇચ્છવા યોગ્ય છે. જૈનકોમની સંખ્યા નાની છે, પણ આખા હિંદુસ્તાનમાં ઘણાખરા સ્થળોમાં તેનો ફેલાવો થયેલ હોવાથી આવા મહાત્માઓના વિહારની ઘણે સ્થળે જરૂર છે. આ મુનિ મહાત્માઓ જ્યાં વિચરે ત્યાં ત્યાં તો ઉપદેશ આપી દરેકને જૈનધર્મમાં દ્રઢ કરે છે અને શુદ્ધ રસ્તે પ્રેરે છે; પણ આવા મહાત્માઓની જે ટુંકી સંખ્યા દ્રષ્ટિએ આવે છે તે જોતાં અને તેમનો વિહારકાળ પણ હદમાં રહેલ હોવાથી તેઓ બધે સ્થળે આખા વરસમાં વિચરી શકે તેવો સંભવ નથી; જે મુનિસંખ્યા અત્યારે ( અલ્પ ) છે તે પણ જો ઘટતી જાય તો ઉપદેશ આપનારાઓની ખામી અનુભવવાનો પ્રસંગ ભવિષ્યમાં જૈનકોમને અવશ્ય આવેજ તેવી ભીતિ રહે છે, તેથી આ બાબતમાં કેવાં પગલાં લેવાં તે વિચારવાની જૈન બંધુઓની ખાસ ફરજ છે. જૈન કોમ ઘટતી જાય છે, તેના અનુયાયી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓની સંખ્યા અલ્પ થતી જાય છે, તેનામાં મરણપ્રમાણ વધારે છે, ઘણે સ્થળે જૈન બંધુઓ અન્ય ધર્મમાં ફેરવાઇ જાય છે આવા આવા પોકારો સંભળાયા કરે છે, તો તે બાબતમાં વિચાર કરવાની-જૈનકોમની વૃદ્ધિ કેમ થાય તે બાબતનાં તાકીદે પગલાં લેવાની જરૂર છે.

* * * * *

હાલમાં **આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી** મુંબઇમાં ચોમાસું રહેલા છે, અને ઉપરનો સવાલ તેમણે હાથ ધર્યો છે. જૈન સાધુઓની સંખ્યા અલ્પ હોવાથી અને સર્વ સ્થળે જોઇતા જરૂરીઆતના કાર્યોમાં તેઓ પહોંચી વળતા નહિ હોવાથી એક **ઉપદેશક મંડળ** સ્થાપવાની તેમણે મુંબઇમાં યોજના ઘડી છે; અને તે માટે સારૂં ફંડ પણ ગત પર્યુષણના દિવસોમાં કરવામાં આવ્યું છે. આ ફંડમાં લગભગ સવા લાખ રૂપિયા ભરાયા છે, પણ આ ઉપદેશક મંડળનો કાર્યક્રમ હજુ નિયત થયો હોય તેમ અમારા જાણવામાં આવેલ નથી. આ ઉપદેશક મંડળ દ્વારા તેઓશ્રી ઉપદેશકો તૈયાર કરાવવા ઇચ્છે છે, અને ભવિષ્યમાં જે સ્થળે સાધુઓ પહોંચી શકે તેમ ન હોય તેવે સર્વ સ્થળે આ ઉપદેશકો જઇને તેમના ઉપદેશ દ્વારા જૈન કોમના અનુયાયીઓને દ્રઢ કરશે, અન્ય મતિઓને જૈન ધર્મમાં ફેરવવા પ્રયત્ન કરશે અને જૈન જ્ઞાતિઓમાં પેઠેલ કુરીવાજો, સડા, કુસંપ, ક્લેશ વિગેરે ઉપદેશ દ્વારા તેઓ દૂર કરશે. આ ઉપદેશક મંડળનો કાર્યક્રમ અને ઉપયોગીતા જ્યાંસુધી જાહેરમાં મૂકવામાં ન આવે ત્યાંસુધી તે મંડળ ઉપર અથવા તેની ભવિષ્યની કાર્યપદ્ધતિ ઉપર ઉહાપોહ થઇ શકે તેમ નથી, પણ આચાર્યશ્રીએ આરંભેલ આ કાર્ય બહુ ઉત્તમ, પ્રશંસનીય અને આદરણીય છે તેવો તો અમારો મત બંધાય છે. ઉપદેશકો કેવા રાખવા, કોને ઉપદેશ આપવાનો હક આપવો, તેના અભ્યાસની લાઇન કેવી મુકરર કરવી, કયા કયા ગુણો તો તેનામાં અવશ્ય હોવા જ જોઈએ, તેમણે સંસારની અપેક્ષાએ શું શું અવશ્ય ત્યજવું જ જોઇએ વિગેરે જરૂરી બાબતો બહુ વિચારીને મુકરર કરવાની છે, કે જેથી ભવિષ્યમાં ઉપદેશકો ઇચ્છિત કાર્ય કરી શકવા સમર્થ થાય; અને ઉપદેશ માટે જોઇતા ગુણો તેમનામાં હોય. સાધુ મુનિરાજ દ્વારા જે કાર્ય અને જે ઉપદેશ થઇ શકે છે તેટલું કાર્ય આ ઉપદેશકો કરી શકશે કે કેમ તેની અમને શંકા છે, પણ આ જમાનામાં ઉપદેશકોની તાકીદે જરૂર છે, જૈન ધર્મ અને તેના ફેલાવા માટે ઉપદેશકો સિવાય ચાલી શકે તેમ નથી તેવી અમારી માન્યતા છે. જૈન બંધુઓ આવા ઉપકારક મંડળ તરફ પોતાનો ઉદાર હાથ યથાશક્તિ જરૂર લંબાવશે તેવી આશા છે.

* * * * *

દેવદ્રવ્યની ચર્ચા આ પર્યુષણ પર્વમાં બહુ જોરથી સર્વત્ર ચાલી છે. આ બાબતમાં ઉહાપોહ કરવાની અને વિચાર કરી નિર્ણય લાવવાની તાકીદે જરૂર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોસમાં ચાલેલી આ ચર્ચા છેવટના નિર્ણય વગર દબાઇ જાય તેમ અમને લાગતું નથી. સાધારણ ખાતું તે સર્વક્ષેત્રપોષી ખાતું હોવાથી તે દ્રવ્યની વૃદ્ધિ થાય તેવાં પગલાંઓ યોજાય તે ઉત્તમ છે. દરેક સ્થળે પર્યુષણ પર્વનાં સ્વપ્ન ( સુપન ) અને ઘોડીયાપારણાનું ઘી બોલાય છે. આ બાબત પૈકી સુપનની બાબતમાં મુનિ કલ્યાણવિજય શ્રીયુત ધર્મચંદને ઉત્તર આપતાં તા. ૭-૯-૧૯ ના ' જૈન ' માં લખે છે કે:—" ચૌદ સ્વપ્નના વર્ણનમાં કલ્પસૂત્રકાર લખે છે કે-'તે ગગનમંડળથી ઉતરતાં ભગવંતની માતાએ જોયાં. ' આ પરથી ચૌદ સ્વપ્નનાં ચિત્રો જે પુસ્તકમાં ચિત્રેલાં હોય છે તે જોવા માત્રથી લોકોને સંતોષ ન થયો, ત્યારે કાષ્ટ અગર ચાંદી વિગેરે ધાતુનાં સ્વપ્નોનાં દૃશ્યો બનાવરાવીને ઉપરથી નીચે ઉતારવાનો દેખાવ શરૂ કર્યો. આવા પ્રકારની એક સામાન્ય બાબતને મહત્વ આપી વધારે લખવું યોગ્ય જ નહોતું, છતાં પૃચ્છક મહાશય જ્યારે એવા શંકાકુળ થયા છે તો મ્હારે આ વિષયનો સ્પષ્ટ ખુલાસો કરી દેવો જોઇએ કે-સ્વપ્ન ઉતારવાની રૂઢી શાસ્ત્રીય છે એમ હું માનતો જ નથી, છતાં એમ પણ મારૂં માનવું નથી કે " સ્વપ્ન ઉતારવાં એ મિથ્યાત્વ છે, અથવા સ્વપ્ન ઉતારનારા મિથ્યાત્વનું સેવન કરે છે. " પરંતુ આ ક્રિયામાં કે કોઇપણ ધાર્મિક કૃત્યમાં સાંસારિક સ્વાર્થને અંગે કે બીજા કોઇ કારણથી જે જિનવચનથી વિપરીતતા છે તેને જ હું મિથ્યાત્વ ગણું છું અને તેવા તત્વનો ત્યાગ કરવા હું ઉપદેશ કરી શકું, પરંતુ સ્વપ્ન કે બીજી પણ તેવા પ્રકારની પ્રવૃત્તિઓ કે જે હાનિકારક ન હોય અને સામાન્ય વર્ગને ધર્મપ્રતિ પ્રીતિજનક હોય તો તેને હું પ્રીતિઅનુષ્ઠાન રૂપ ગણું છું. " સ્વપ્નના સંબંધમાં મુનિ કલ્યાણવિજયજીનો આ ખુલાસો વિચારવા લાયક-ચર્ચા કરવા લાયક છે. આ સ્વપ્નને અંગે ઘણું ઘી-ચઢાવો બોલવામાં આવે છે, તે ઘી અગર ચઢાવાની આવકમાંથી કેટલેક સ્થળે અમુક ભાગ સાધારણ દ્રવ્યમાં અને અમુક ભાગ દેવદ્રવ્યમા એમ વિવરો પાડવામાં આવે છે. મુંબઇમાં ગોડીજીના દેરાસરના ઉપાશ્રયમાં ઉતારવામાં આવતા સુપનની અડધી ઉપજ સાધારણમાં અને અડધી દેવદ્રવ્યમાં જમે કરવી તેમ આ વરસથી ઠર્યું છે. આ બાબતમાં શું કરવું વધારે ઉચિત ગણાય તે બાબતમાં વિદ્વાન્ મુનિ મહારાજાઓ અને શ્રાવકવર્ગ ચર્ચા કરી ખુલાસો બહાર પાડશે તો ભવિષ્યની લાઇન નિર્ણિત થવામાં તે ખુલાસો બહુ ઉપયોગી નીવડશે તેવી અમારી માન્યતા છે.

* * * * *

' દેવ-દ્રવ્ય ' તે સાધારણ ચર્ચાનો વિષય હાલ થઇ પડ્યો છે. મુનિ માણેક પણ આ બાબતમાં પોતાના વિચારો બહાર પાડવા ઉત્સુક થયા છે, અને ' જૈન ' પત્રના વધારા સાથે એક નાની બુક તેમણે બહાર પાડી છે. આ માસિકના પૃષ્ટ ૧૧૬ ઉપર આવેલ અમુક બાબત લઇને તેઓ પોતાની દલીલોના સમર્થનમાં તેને મૂકે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ શ્રાવકોને વિજ્ઞપ્તિદ્વારા સૂચના કરતાં કહે છે કે:—"દેવદ્રવ્ય શ્રાવક વાપરે તેથી દુર્ગતિમાં જવાય છે, પણ જ્યારે ભોળા લોકોને-વિવેકહીન લોકોને ભોળવી લીધેલું દ્રવ્ય હોય તો તેના વારસોને કાયદા પ્રમાણે પાછું માગવાનો હક કુદરતી રીતે જ ઉભો રહે છે; કારણ કે બાપ ઘી બોલે તે વડીલોપાર્જીત મિલકતમાંથી બોલે, તેમાં દીકરાનો હક હોય છે અને દીકરાઓ તેમાં વાંધો પણ લઇ શકે. આ કાંઈ દેવદ્રવ્ય તેને ખાવા આપવાને માટે નથી, તેના આ લોક તથા પરલોકના હિત માટે લેવાની આવશ્યકતા હોવાથી ફકત અંગ ઉધાર દાખલ જ લેવાનું છે. જો આ બાબતમાં શ્રીસંઘ નિવેડો નહિ લાવે અથવા કોલેજની યોજનામાં સહાયતા નહિ કરે તો તે દેવદ્રવ્યમાં પોતાનો હક બતાવી નામદાર સરકારની સલાહ લઇ હિસ્સો માગવો અને નવું દ્રવ્ય આપતાં અટકવું." આ યોજનાનો અર્થ તેમને કોલેજ કાઢવી હોય તેમ જણાય છે. દેવદ્રવ્ય ઉપર જ તે બાબતમાં તેમની નજર ખેંચાણી છે, અને જો તેમની ધારેલી મુરાદ બર ન આવે તો સરકારને વચ્ચે નાખવાની અને દેવદ્રવ્યમાં પૈસા આપવા બંધ કરવાની તેમની સૂચના છે. દરેક સંઘને અને દરેક જૈનને દેવ દ્રવ્યના વ્યયની તપાસ કરવાનો હક છે, બાકી દેવદ્રવ્ય જે માટે નિર્મિત થયુ હોય તેજ બાબતમાં વાપરી શકાય છે, અને નીમેલા ટ્રસ્ટીઓ-કાર્યવાહકોને તેમાં ફેરફાર કરવાનો હક નથી. આ માસિકના વાકયને તેમના લખાણ સાથે શું સંબંધ છે તે અમે પણ સમજી શકયા નથી, પણ મુનિ માણેકની દેવદ્રવ્ય વપરાવાની અને તે પણ અન્ય ક્ષેત્રમાં તેમનો વ્યય કરાવવાની ઇચ્છા વાંચી એક મુનિદ્વારા બહાર પડેલ આ નાની બુક વાંચતાં અમને આશ્ચર્ય લાગ્યા વગર રહેતું નથી

* * * * *

આ નાની બુકની સાથેજ બીજી એક બત્રીશ પાનાની **'દેવદ્રવ્યાદિ સિદ્ધિ'** અથવા **'બેચર હિત શિક્ષા'** નામની બુક વ્યાખ્યાન વાચસ્પતિ **મુનિ લબ્ધિ-વિજયજી** તરફથી બહાર પડેલી મળી છે. આ બુક હવે પછી બહાર પડવાની આખી બુકનો પ્રથમ વિભાગ છે. દેવદ્રવ્યની સિદ્ધિનો વિશેષ ઉલ્લેખ આ બુકમાં જણાતો નથી. પં. બેચરદાસને હિતશિક્ષા આપવા જતાં જે કટુ અને કર્કશ ભાષા આ બુકમાં વાપરવામાં આવી છે તે વાંચી એક મુનિ તરફથી લખાયેલી આ બુક માટે ઉલટો ખેદ થાય છે. રૌરવ નરક, અભવીપણું, નાસ્તિકતા, મિથ્યાત્વી વિગેરે શબ્દો આ જમાનામાં અસર કરે તેવું નથી. વળી એક સ્થળે સાધુની વડીનીતિ, લઘુનીતિ સંબંધી જે વાકય મુકયું છે તે વાંચીને અત્યંત ખેદ થાય છે. વ્યાખ્યાન વાચસ્પતિ શાસનની હેલણા થતી ન દેખી શકે, તેથી તેમની જેવાના હૃદયમાં ખેદ, દિલગીરી વિશેષ થાય તે સહજ છે. દેવદ્રવ્ય સશાસ્ત્ર છે, શાસ્ત્રપ્રમાણ છે, આવશ્યકીય વસ્તુ છે, તેની કોઇથી ના પાડી શકાય તેમ નથી. દેવદ્રવ્ય તથા કથાનુયોગ વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાબતોની સિદ્ધિ માટે વધારે પ્રમાણો–આગમ–અનુમાન વિગેરેના આપવાની જરૂર છે. આવી બુકો જો આવા અર્થની સિદ્ધિ કરાવવા માટે બહાર પડે તો અવશ્ય ઉપકારક જ નીવડે. હવે પછી બહાર પડવાના વિભાગમાં આગમાદિ પ્રમાણ વિશેષ આવવાના જ હશે એમ અમે અનુમાન કરીએ છીએ. માત્ર તેમાં શબ્દો કટુ વાપરવામાં ન આવે એવી અમારી વિનંતિ છે.

* * * * *

પં. બેચરદાસે મુંબઇના શ્રી સંઘ પાસે આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજીની રૂબરૂ પોતાના દેવ–દ્રવ્યના ભાષણમાં જે કાંઇ પણ શાસ્ત્રવિરૂદ્ધ બોલાયું હોય તે માટે માફી માગી છે. પં. બેચરદાસનું પ્રકરણ હવે સમાપ્ત થાય છે, પણ દેવ–દ્રવ્ય અને સાધારણ દ્રવ્ય નિમિત્તમાં જે ચર્ચા ઉભી થઇ છે તે આ માફીથી સમશે ખરી ? એ એક અગત્યતો પ્રશ્ન છે. આ ચર્ચામાં ઉશ્કેરાવાની, પોતાના અભિપ્રાય પ્રમાણે મત નહિ આપનાર ઉપર ક્રોધ કરવાની, કે સજ્જનને યોગ્ય ભાષા પડતી મૂકવાની જરૂર નથી. દેવ–દ્રવ્ય શાસ્ત્રસિદ્ધ છે તેમ અમારૂં માનવું છે. ચર્ચાથી આ બાબતનો નિવેડો આવે, દેવદ્રવ્યની શાસ્ત્રીય રીતે સાબીતી થાય તેની ખાસ જરૂર છે. આ પ્રકરણ ચાલુ ચર્ચામાં મૂકાણું છે, અને આગમો અને ત્યાર પછીના પણ જે વિદ્વાન પ્રણેતાઓ થયા છે તેમના કથનાનુસાર દેવદ્રવ્યની સિદ્ધિ થવાથી ભવિષ્યમાં આ ચર્ચા વધારે લાભદાયી નીવડશે તેવું અમારૂં માનવું છે. જૈનકોમને દેવદ્રવ્યમાંથી દેરાસરો અને મૂર્તિઓનું સંરક્ષણ, પૂજન, વૃદ્ધિ, જીર્ણોદ્ધાર વિગેરે કરવાના છે, અને દેવદ્રવ્ય હશે તોજ આ ખાતાંઓ પોષાશે અને વૃદ્ધિ પામશે. બાકી દેવ–દ્રવ્ય ઉપર મમત્વ રાખનાર–પોતાના દ્રવ્ય તુલ્ય ગણી જરૂરીઆતવાળા સ્થળોએ પણ નહિ વાપરનાર ગૃહસ્થો તો દોષપાત્રજ છે તેમ કહ્યા વિના ચાલતું નથી. વિદ્વાન આચાર્યો અને મુનિ મહારાજાઓને દેવદ્રવ્યના સંબંધમાં વિશેષ ચર્ચા ચલાવી તેને શાસ્ત્રસિદ્ધ ઠરાવવા માટે વિશેષ પ્રમાણો બહાર પાડવા અમારી વિનંતિ છે.

* * * * *

પંચ પરમેષ્ટીરૂપ મહા મંગળકારી સદાકાળ સ્મરણીય સિદ્ધચક્રના આરાધન માટે આયંબિલ તપવડે દુઃખ–દારિદ્રને ચૂરનારી ઓળી આસો શુદ ૭ થી શરૂ થશે. આ ભાદરવો ને આસો મહિનો ( શરદ્ઋતુ ) બદહજમીના વ્યાધિથી ઘણે સ્થળે કોલેરા, ઝાડો, ઉલટી, તાવ વિગેરે વ્યાધિ પ્રસારનાર છે, આયંબિલ તપ આ સર્વ વ્યાધિઓને હઠાડનાર, પાચનશક્તિને વધારનાર છે. આ તપથી કર્મનિર્જરા સાથે શરીરસુખાકારી પણ પ્રાપ્ત કરી શકાય છે; અને અનેક વ્યાધિના ભયથી મુક્ત રહાશે તો, દરેક જૈનબંધુઓએ [illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપ કરવા અમે ભલામણ કરીએ છીએ. કર્મનિર્જરા અને શરીરસુખાકારીના ગુણો પોષનાર આ દિવસોનો જેમ વધારે લાભ લેવાય તેમ ઉત્તમ અને હિતકારી છે. આ તપસ્યાવડે પરમપદ સાધનાર શ્રીપાળ મહારાજાની કથા પ્રસિદ્ધ છે. તેમની વર્તનાનુસાર વર્તન કરી સિદ્ધિસુખ મેળવવા દરેક બંધુ અવશ્ય પ્રયત્ન કરશે એવી આશા રાખવામાં આવે છે.

* * * * *

મુંબઈમાં સ્થપાયેલ **મહાવીર જૈન વિદ્યાલયનો** ચતુર્થ વાર્ષિક રીપોર્ટ અવલોકનાર્થે અમોને મળ્યો છે. આ રીપોર્ટ સાદ્યંત તપાસી જોતાં વિદ્યાલયની વધતી જતી પ્રગતિ માટે બહુ આનંદ થાય છે. આવી સંસ્થાઓની સ્થળે સ્થળે ઘણી જરૂર છે. જૈન કોમનો ખરો અભ્યુદય ત્યારેજ થઇ શકશે. આ વિદ્યાલયમાં પ્રતિવર્ષ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. શરૂઆતના વર્ષમાં અભ્યાસ કરનારની સંખ્યા ૧૫ હતી, જ્યારે આ વરસમાં તેની સંખ્યા ૪૩ ની છે. આ ૪૩ વિદ્યાર્થીઓમાં ૩૧ ફ્રી વિદ્યાર્થી છે, જેનો બધો ખર્ચ વિદ્યાલય તરફથી આપવામાં આવે છે, અને ૧૨ પેઇંગ વિદ્યાર્થી છે, જેઓ અમુક નિયત રકમ પોતાના ખર્ચ બદલ વિદ્યાલયમાં આપે છે. વિદ્યાલયમાં દેરાસર રાખવામાં આવેલ છે, અને દરેક વિદ્યાર્થીને હમેશાં પૂજા અને ધાર્મિક અભ્યાસ કરવો પડે છે. ધાર્મિક અભ્યાસ માટે આનંદઘનજીના સ્તવનો અને તત્ત્વાર્થાધિગમ સૂત્ર તથા યશોવિજયજી કૃત અષ્ટકમાંથી અમુક અષ્ટકો રાખવામાં આવ્યા છે; વિદ્યાર્થીઓ બહુ રૂચિથી અભ્યાસ કરેછે, અને પરીક્ષાના પરિણામ તરફ જોતાં ફક્ત એકજ વિદ્યાર્થી તેમાં નાપાસ થયેલ છે. પરીક્ષકનો રીપોર્ટ બહુ સંતોષકારક છે. વિદ્યાર્થી ૪૩ પૈકી ૨૧ વિદ્યાર્થીઓ આર્ટ લાઇનમાં, ૪ ઇજનેરી લાઇનમાં, ૧૫ મેડીકલ લાઇનમાં અને ૩ વ્યાપારી લાઇનમાં છે. જુદી જુદી લાઇનમાં કેળવાતા ધાર્મિક જ્ઞાન સંયુક્ત આ વિદ્યાર્થીઓ કોમને ભવિષ્યમાં બહુ ફાયદો કરનારા થઇ શકશે તેવી આશા રહે છે. વકતૃત્વ કળા ખીલવવા એક વિદ્યાર્થી મંડળ પણ આ વિદ્યાલયમાં ગોઠવવામાં આવ્યું છે અને દરેક અઠવાડીએ જુદા જુદા વિષયો ઉપર છુટથી ચર્ચા કરવામાં આવે છે. ખર્ચ ખાતું તપાસતાં ચાલુ ખાતાની આવક દરવર્ષે ઘટતી રહી છે, જ્યારે વાર્ષિક લવાજમમાં ઠીક ઠીક વધારો થતો જાય છે. છેલ્લા વરસના ખર્ચનો આંકડો અઢાર હજાર રૂપિયા લગભગ છે. આ ઉપરાંત બીલ્ડીન્ગ ફંડમાં સારી સહાયતા મળી છે. વિદ્યાલય માટે સવા બે લાખ રૂપિયા લગભગની કિંમતનાં મકાનો લેવામાં આવ્યા છે, જ્યારે તે ફંડમાં રૂા. સવા લાખ આવ્યા જણાય છે. આ મુકામ ફંડમાં [illegible] જણાય છે, ઉત્સાહી કાર્યવાહકોએ આ તોટો પૂર્ણ કરવાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પ્યારેલાલ નામના એક જૈનને દશ હજાર રૂપિયા ધીરી જંગલખાતાનો અભ્યાસ કરવા પરદેશ મોકલેલ છે. આ નવું સાહસ છે. આ આખો રીપોર્ટ તપાસતાં ઘણી વિગતો જાણવાની મળે છે. કોમને અતિશય ઉપયોગી આ સંસ્થાના ફંડમાં જેમ વધારે વૃદ્ધિ થાય અને તેવા ખાતાઓ જેમ વધારે સ્થપાય તેમ કોમને વધારે લાભ થવાનો છે, ઉદાર જૈન બંધુઓ આ ફંડમાં ચાલુ અને ઉપયોગી મદદ મોકલ્યા કરશે એવી આશા રાખવામાં આવે છે.

* * * * *

ઉપરોક્ત રીપોર્ટ સંપૂર્ણ કરતાં તેના વિદ્વાન્ સેક્રેટરી કોમને અતિ ઉપયોગી બાબત તરફ દરેક જૈન બંધુઓનું ખાસ ધ્યાન ખેંચે છે. તેઓ કહે છે કે:—"વારંવાર વિચાર કરતાં એમ જણાય છે કે કેળવણી વગર આપણો નિસ્તાર નથી, સંસ્કાર વગર પ્રગતિ નથી, પ્રગતિ વિના જાહોજલાલી નથી અને જાહોજલાલી વગર અનેક જવાબદારીઓને પહોંચી વળવાનાં સાધનો ઉત્પન્ન થાય તેમ નથી. કોમ અને ધર્મનાં વિશાળ કાર્યોનો સરવાળો લેતાં, આખા વિશ્વની આગળ વધવાની ચળવળ જોતાં અને તેવા પ્રયત્નોમાં અવ્યવસ્થા જણાતાં થતી હાનિઓ પર વિચાર કરતાં આપણે કેળવણીના સવાલને બહુ રીતે વિચારવાની જરૂર છે. ગમે કે ન ગમે પણ કેળવણી વગર તો ચાલે તેમ નથીજ. એને સુંદર રીતે સુવાસિત કરશો તો સારાં ફળો ગાળશે, એને અવગણનાના સ્થાને રાખશો તો એક પ્રચંડ વર્ગ તમારી સામે ઉભો થશે, એને દારિદ્ર સ્થિતિમાં રાખશો તો એનાં ફળ સડેલાં, તુચ્છ, નિર્માલ્ય મળશે, એને પાળી પોષી તંદુરસ્ત રાખશો તો એની સંતતિ સુદ્રઢ, તંદુરસ્ત અને આગામી ચિંતવનશીળ ઉત્પન્ન થશે. જમાનાની કેળવણી તરફ પ્રહાર કરવો, કેળવાયલા વર્ગની માત્ર કેળવણી ખાતરજ અવધીરણા કરવી એ મહા નુકશાન કરનાર છે, અધ:પાત કરાવનાર છે, જમાનાને અંગે જરૂરીઆત નહિ ઓળખવાથી થયેલ પ્રમાદ છે. એના પ્રાયશ્ચિત્તમાં સમષ્ટિ શરીરને ઘણું સહન કરવું પડે તેમ છે અને પડે છે. કેળવણીની જરૂરીઆત સ્વીકારવામાંજ કોમને લાભ છે, ધર્મને શોભા છે, સમાજનું આગળ પ્રયાણ છે અને દેશનો ઉદય છે. આવા વખતમાં દુનિયાની પરિસ્થિતિથી અજ્ઞાન રહી પાંચસો વર્ષ પહેલાંની વાતો કરવી એ નિર્બળતા અને અજ્ઞાન બતાવે છે. જમાનાની જરૂરીઆતો ઓળખવી અને દેશકાળની પરિસ્થિતિથી જ્ઞાત રહેવું એ નાયકોની ફરજ છે અને તેમાં સ્ખલના કરે તે નાયકપદને યોગ્ય વધારે વખત રહી શકતો નથી." કોમને કેળવણીની જરૂરીઆત દેખાડનારા આ સૂચન તરફ અમો પ્રત્યેક જૈન બંધુનું, આગેવાન ગૃહસ્થોનું અને મુનિ મહારાજાઓનું લક્ષ ખેંચીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# पुस्तकोनी पहोंच.

## દેવદ્રવ્યાદિ સિદ્ધિ અપર નામ બેચર હિતશિક્ષા.

### દ્વિતીય વિભાગ.

આ વિભાગ હાલમાં જ અમને મળેલો છે. તેની અંદર 'દેવદ્રવ્યની' સિદ્ધિને અંગે વ્યાખ્યાનવાચસ્પતિ **શ્રી લબ્ધિવિજયજી** મહારાજે નીચે જણાવ્યાં પ્રમાણેના સૂત્રો, પંચાંગી અને ગ્રંથો વિગેરેની સાક્ષીઓ આપીને દેવદ્રવ્યની સિદ્ધિ કરી છે.

શ્રાદ્ધદિનકૃત્ય. શ્રાદ્ધવિધિ. ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૪-૧૦
ઉપદેશસપ્તતિ. પંચાશક ચોથું, આઠમું ને તેની ટીકા.
મહાવીર ચરિત્ર. સંબોધ પ્રકરણ. વસુદેવહિંડ ( અતિ પ્રાચીન )
ભક્તપરિજ્ઞા પયન્નો મૂળ. રાયપસેણી સૂત્ર. જીવાભિગમ સૂત્ર.
વ્યવહારભાષ્ય. આવશ્યકવૃહદ્વૃત્તિ. ( હરિભદ્રસૂરિ વિરચિત )
આવશ્યકચૂર્ણિ. નિશીથચૂર્ણિ. ઇત્યાદિ.

આટલા આધારો ઉપરથી હવે આશા રાખવામાં આવે છે કે-જેઓ એમ કહેતા હતા કે-'શાસ્ત્રના આધારોવડે બેચરદાસને નિરૂત્તર કરીને પછી તેની માફી મંગાવવી હતી' તેઓનાં દિલનું સમાધાન થશે.

કદિ આટલા આધારો બતાવવાથી પણ બેચરદાસ નિરૂત્તર થયેલ ન હોય તો હવે તેમણે મૌન બેસી ન રહેતાં આના ઉત્તર આપી પોતાના કહેલા શબ્દો 'જૈન શાસ્ત્રો ( મૂળ ) ની બારીક તપાસ પછી મને જણાયું કે આ દેવદ્રવ્ય શબ્દનો પ્રયોગ મૂળમાં કોઇ જ ઠેકાણે નથી. આ શબ્દ તાંત્રિક યુગમાં આપણા કેટલાક સાધુઓએ દાખલ કીધો છે.' આને સાબીત કરી આપવાનું રહે છે. જો એ શબ્દ દાખલ કરી દીધો હોય તો ક્યારે (સંવત)?, કોણે ? અને શેમાં ? તે લખવું. તે સાથે સુજ્ઞ જૈન બંધુઓએ પણ વિચાર કરવા યોગ્ય છે કે આ હકીકત સૂત્રો ને પંચાંગીમાંથી પણ નીકળી આવેલ છે છતાં એકવાર બેચરદાસની દાખલ કરી દીધાની વાત સ્વીકારીએ તોપણ તે દાખલ કરી દેનાર કોણ હતા ? શ્રીમાન્ હરિભદ્રસૂરિ. નવાંગવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ, કલિકાળ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય, પ્રભુ પછી થોડાજ વર્ષે થયેલા શ્રી વસુદેવ હિંડના કર્ત્તા મહાન્ આચાર્ય વિગેરે છે. જો આપણે એ પુરૂષોને સત્યવાદી માનતા હઇએ, ભવભીરૂ માનતા હઇએ, પરમ ઉપકારી માનતા હઇએ અને બેચરદાસ,કરતાં તેમની કિંમત વધારે આંકતા હઈએ તો તેનો વિચાર કરીને પછી બેચરદાસના વિચારને પુષ્ટિ આપવા માટે તૈયાર થવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યાદ રાખવું જોઈએ કે–આટલું જાણ્યા પછી જો બેચરદાસના કથનને પુષ્ટિ અપાય તો તે સૂત્રો, પંચાંગી અને મહાન ગ્રંથોનું તેમજ તેના કર્ત્તાઓનું અપમાન કરવા બરાબર છે એટલું જ નહીં પણ ગોળ ને ખોળ સરખો નહીં પણ ગોળને ખોળ કરતાં તુચ્છ કહેવા જેવું છે.

છેવટે આ બુકની અંદર બેચરદાસના ભાષણ સંબંધી દેવદ્રવ્યની હકીકત પછીના શબ્દોની સમાલોચના કરવાનું શરૂ કરેલું છે. તે વિષે હવે પછીના ભાગો બહાર પડશે એટલે લખશું. હાલ તો દેવદ્રવ્યના સંબંધમાં કેટલાક બંધુઓનું કહેવું એમ છે કે–' બેચરદાસે માફી માગવાથી કાંઇ આ વિષય બંધ પડતો નથી. ' આ વાત ખરી છે, તો તેના નિર્ણય માટે વિદ્વાનોની સભા કરવા બેચરદાસ કે તેના પક્ષકારો તૈયાર હોય તો તે સંબંધી તમામ સગવડ કરી આપવાને અમે તૈયાર છીએ.

સભાનું સ્થળ પાલીતાણા રાખવામાં આવશે કે જ્યાં વિદ્વાન મુનિઓ અને શ્રાવકો બીરાજે છે અને તીર્થયાત્રાના લાભને લઇને બીજાઓને આવવું સહેલું છે. દિવસ ને સભાપતિની ગોઠવણ બેચરદાસ કે તેના પક્ષકારની કબુલાત આવવાથી તેઓની સાથે વિચાર મેળવીને મુકરર કરવામાં આવશે. વાદી તરીકે વિદ્વાન મુનિમહારાજા ને શ્રાવકો બીરાજશે. પ્રતિવાદી તરીકે બેચરદાસ અને તેના પક્ષકારો પણ બેસી શકશે. પૂરાવમાં જૈન શાસ્ત્રો કે જે પ્રમાણિક પુરૂષના રચેલાં હશે તે દાખલ કરવામાં આવશે. આ શરત પ્રમાણે જો બેચરદાસ કે તેના પક્ષકાર તૈયાર હોય તો તેમણે તેવી કબુલત અમારી તરફ લખી મોકલવી. એટલે અમે તારીખ નીમવા વિગેરેનું કાર્ય શરૂ કરશું.

આ સંબંધમાં ફોગટ પોતાના મગજમાં આવે તેવું લખવા કરતાં ન્યાયની રીતે પોતાની કહેલી હકીકત સિદ્ધ કરવા બેચરદાસે અને તેના પક્ષકારોએ કટીબદ્ધ થવાની જરૂર છે. જૈન વિદ્વાનો, મુનિઓ, શ્રાવકો તો વર્ષો થયા દેવદ્રવ્યની સિદ્ધિ ને વૃદ્ધિ કરી રહ્યા છે ને કહી રહ્યા છે, તેને માટે પુરતા શાસ્ત્રાધાર પણ અપાઇ ગયા છે. હવે તો સામા પક્ષકારે જ તૈયાર થવાની જરૂર છે. તેના પક્ષવાદીઓએ પણ સાવધાન થવું યોગ્ય છે.

યાદ રાખવું કે પુરાવમાં આવેલા શાસ્ત્રો પૈકી કોઇ પણ શાસ્ત્રને અપ્રમાણ કહેવાથી માત્ર સરશે નહીં પણ તેના કર્ત્તાને અપ્રમાણિક સાબીત કરવા પડશે. જો બેચરદાસ કરતાં અસંખ્ય દરજ્જે તેઓ પ્રમાણિક ઠરશે તો તેમના લખેલા શાસ્ત્રોને અપ્રમાણ કહી શકાશે નહીં. આ તો ન્યાયી માણસો સમજી શકે તેવી વાત છે.

આ સંબંધમાં હાલ વધારે ન કહેતાં ઉત્તરની રાહ જોવી યોગ્ય લાગે છે.

---

નોટ—આ હકીકતને સુધરેલા જમાનામાં ચેલેંજ શબ્દથી ઓળખવામાં આવે છે. જો કે અહીં તે શબ્દનો ઉપયોગ કર્યો નથી પણ આ ચેલેંજ છે એમ માની લેવાનું છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જાહેર ખબર.

પંન્યાસ મુક્તિવિમળજીના રચેલાં નીચેના પુસ્તકો થોડા દિવસમાં છપાઇને અમારી તરફથી બહાર પડવાના છે અને તે સાધુ સાધ્વી તથા જાહેર સંસ્થાઓ, લાઇબ્રેરીઓ (પુસ્તકાલયો) વિગેરેમાં ભેટ તરીકે આપવાના છે માટે જેમને જોઇતાં હોય તેમણે નીચેને શિરનામે લખવું.

૧. જ્ઞાનપંચમી કથા,
૨. પોસદશમની કથા.
૩. મેરૂત્રયોદશીની કથા
૪. રોહિણીપર્વની કથા.
૫. પર્યુષણ મહાત્મ્ય.

કોઠારી ચંદુલાલ મોહોલાલ.
દેવસાનો પાડો. ઉપાશ્રય-અમદાવાદ.

---

## વિદ્વાન્ મુનિમહારાજાઓ પ્રત્યે પ્રાર્થના.

પાક્ષિકાદિક પ્રતિક્રમણમાં હાલમાં કહેવાતા શ્રાવકના અતિચારની અંદર કેટલાક શબ્દો સંસ્કૃત ભાષાના, કેટલાક મારવાડી ભાષાના અને કેટલાક જુના રૂઢ શબ્દો છે. તેથી તે બોલતાં ને સાંભળતાં તેનો ભાવ સ્પષ્ટ થઇ શકતો નથી. તેથી તેવા શબ્દો ને વાક્યો ફેરવી શુદ્ધ ને સરલ ગુજરાતી ભાષામાં દરેક અતિચાર બરાબર સમજાય તેવી રીતે તેની રચના કરવાની એક શ્રાવક ઇચ્છા ધરાવે છે. તેમાં કાંઇ વિરોધ છે? જો વિરોધ હોય તો તે સકારણ જણાવવા કૃપા કરશો અને જો વિરોધ ન હોય તો તે જણાવવા કૃપા કરશો. તૈયાર થયા પછી અનુભવી ને વિદ્વાન મુનિમહારાજની સંમતિ અવશ્ય મેળવવામાં આવશે. તે સિવાય પ્રસિદ્ધિમાં મૂકવા ઇચ્છા નથી એટલું ધ્યાનમાં રાખશો.

તંત્રી.

---

## ગ્રાહકો અને બુકો મંગાવનારને સૂચના.

જૈન ધર્મ પ્રકાશના સંબંધમાં કાંઇ પણ લખવું હોય તો તે પત્રમાં પોતાનો રજીષ્ટર નંબર અવશ્ય લખવો.

ચૈત્યવંદન ચોવીશી થઇ રહી છે. ફરીને છપાવવાની છે.

રત્નાકરપચ્ચીશી ભેટ મંગાવનારે પોસ્ટેજ સાથે મોકલવું. પોસ્ટેજ વિનાના પત્ર ઉપર ધ્યાન આપવામાં આવશે નહીં.

સકારણ વધારેલી કિંમત ઉપર ધ્યાન આપવું.

ઉપદેશપ્રાસાદ ભાષાંતરના પાંચ ભાગો પૈકી બીજો ભાગ થઇ રહ્યા છે, બીજી આવૃત્તિ છપાવવાની છે, પરંતુ તે ભાગ શિવાય વાંચનારને વાંચવામાં ત્રુટક પડતું નથી. આ બધા ભાગ ખાસ વાંચવા લાયક છે.

હાલમાં નવા બહાર પડેલ બે ગ્રંથો ને એક ભાષાંતરની બુક વેચાણ ખરીદ કરવા ઇચ્છનારને પણ મોકલવામાં આવશે. તેમણે કિંમત ઉપરાંત પોસ્ટેજ જુદું સમજવું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# पुस्तको भेट मंगावनारा मुनिवर्गने प्रार्थना

૧ અમે ગૃહસ્થોની સહાયથી અથવા સહાય વગર કેટલાએક પુસ્તકો બહાર પાડીએ છીએ તે અને બીજાના પ્રસિદ્ધ કરેલા પુસ્તકો પણ મુનિરાજને તથા સાધ્વીઓને ભેટ દાખલ આપીએ છીએ. આનો અર્થ એવો નથી કે–અમે તમામ સાધુ સાધ્વીને તમામ પુસ્તકો ભેટ આપી શકીએ છીએ. સભાની ઈચ્છા અને મંજુરી અનુસાર તેમજ સહાયકની ઈચ્છા અને તેમની સાથેના સંકેત અનુસાર ભેટ આપવામાં આવે છે. એટલે તમામ સાધુ સાધ્વીને અમે ભેટ આપવામાં પહોંચી શકીએ તેથી તેઓ સાહેબે અમારી ઉપર ખેદ કરવાનું કારણ નથી.

૨ અમારો હેતુ 'સાધુ સાધ્વી કાંઈક પણ ગુરુ મહારાજની આધીનતામાં રહે તો ઠીક' એવો હોવાથી અમે દરેક વખત ગુરુદ્વારા મંગાવવાનું લખીએ છીએ છતાં કેટલાક સાધુ સાધ્વીઓ સ્વતઃ મંગાવે છે, તેમને ગુરુદ્વારા મંગાવવાનું લખતાં ખેદ થાય છે. કેટલાક ગુરુનું નામ માત્ર જ આપે છે અને કેટલાક પ્રથમ અમારા ગુરુએ તમને લખેલ છે ઇત્યાદિ લખે છે પણ આવું કોઈપણ પ્રકારનું લખાણ ન કરતાં જ્યારે ભેટ મંગાવવા ઈચ્છા થાય ત્યારે ગુરુમહારાજને વિનંતિ કરવી અને તેઓ પાસે લખાવવું. આમ કરવામાં ક્ષતિ શું થાય છે તે અમે સમજી શકતા નથી.

૩ સાધ્વીજીઓએ ખાસ કરીને પોતાની ગુરુણીજી સુપ્રસિદ્ધ હોય તો તેમની મારફત અથવા જે મુનિરાજના આશ્રમમાં હોય તેમની મારફત મંગાવવાનું રાખવું.

૪ કેટલાક એકલવિહારી જેવા થઈ ગયેલા, ગુરુકુળવાસ તજી દીધેલા, સ્વતંત્ર રહેવાવાળા મુનિઓ એટલો બધો અમને હુકમ લખાવે છે કે 'આટલી નકલો મોકલો છો કે નહીં?' આ હકીકત કોઈ રીતે તેમને ઘટિત હોય એમ અમને લાગતું નથી. યોગ્યાયોગ્યતા ભેટને અંગે જોવી તે અમારું કામ છે.

૫ સંસ્કૃત ભણેલ ન હોય છતાં સંસ્કૃત ગ્રંથો મંગાવે છે. સપ્તતિકા ભાષ્ય માટે અમે કર્મગ્રંથના અભ્યાસીએ મંગાવવાનું લખ્યા છતાં બીલકુલ કર્મગ્રંથના અભ્યાસ વિનાના મંગાવે છે, ભાષાંતરની બુક કે જે પાંચ સાત સાધુ કે સાધ્વી વચ્ચે એક હોય તોપણ ચાલી શકે તે જણ દીઠ મંગાવે છે, અને એને માટે અમે ના લખીએ તો ખેદ કરે છે. માટે હવે પછી તેમ ન કરતાં પોતાની યોગ્યતાનો પહેલેજ વિચાર કરી ભેટ મંગાવવી અને અમે સાધુ સાધ્વીના દરેક ઠાણાને દરેક બુક ભેટ આપવા બંધાયેલા નથી અને પહોંચી શકીએ તેમ પણ નથી તે ધ્યાનમાં રાખવું.

૬ કેટલાક ગુરુઓ પોતાના દરેક શિષ્ય કે શિષ્યાણીને પુસ્તકો અપાવે છે, તેઓ પોતપોતાના પુસ્તકના પોટલાં જુદાંજુદાં બાંધી પોતપોતાના રાગી શ્રાવક શ્રાવિકાને ત્યાં મુકે છે. આથી સંગ્રહશીળપણું અઘટિત રીતે વધ્યું છે અને તે બાબતમાં ગુરુમહારાજનો અંકુશ ન હોવાથી પુસ્તક સાથે ઉપગરણોના પોટલા પણ ગૃહસ્થને ત્યાં મુકાય છે તેની ગેરવ્યવસ્થા પણ થાય છે. શ્રાવકોને દોષપાત્ર કરવાનું થવાનું આ નવું કારણ ઉભું થયું છે, તેથી આ બાબતમાં દરેક સમુદાયના અગ્રણી મુનિમહારાજે ધ્યાન આપવાની આવશ્યકતા છે.

૭ આ લખાણથી કોઈ મુનિરાજને ખેદ કરવાની જરૂર નથી, કારણ કે અમે આ લખાણ ખાસ પ્રાર્થના તરીકે જ કરેલું છે.

તંત્રી.

For Private And Personal Use Only